પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

હરિઃ ૐ

# હરિભાવ

વર્ષ : ૧૮ - અંક - ૧૨ સપ્ટેમ્બર , ૨૦૧૪



હું કૉલેજમાં બી.એ.માં હતો ત્યારે Book of Knowledge નાં પુસ્તકો મેં વાંચ્યાં ત્યારનો મારો સંકલ્પ કે આવી જાતની શ્રેણી ગુજરાતી સાહિત્યમાં થવી જોઈએ....

... અંગ્રેજી સાહિત્યમાં Children's Encyclopedia નાં પુસ્તકો મેં વાંચ્યાં ત્યારે મને થયેલું કે ઓહો ! ગુજરાતી સાહિત્યમાં આવી શ્રેણી થાય તો બહુ સારું....

.... ભગવાનની કૃપાથી તે સંકલ્પ સાકાર થયો. આજે એ જ્ઞાનગંગોત્રીની શ્રેણી બહુ ઉચ્ચ પ્રકારની છે.

- શ્રીમોટા

'શ્રીમોટાવાણી-૭ અને ૧૧' માંથી સાભાર સંકલન

॥હરિ:ૐ॥

## અગત્યની જાણકારી

'હરિભાવ'નું આજીવન લવાજમ ભારતમાં રૂ. ૫૦૦/- અને પરદેશમાં (By Air Mail) રૂ. ૬૦૦૦/- છે.

તા. ૨૩-૦૮-૨૦૧૪ના રોજ મળેલ 'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટીમંડળની મિટિંગમાં લેવાયેલ નિર્ણય મુજબ હવેથી આજીવન લવાજમ સ્વીકારાશે નહિ.

વાર્ષિક લવાજમ પ્રવર્તમાન ધોરણે રૂ. ૫૦/- પ્રમાણે એક કે તેથી વિશેષ વર્ષ માટે સ્વીકારાશે.

વિગતે સ્પષ્ટતા ઑક્ટોબર, ૨૦૧૪ના 'હરિભાવ'ના અંકમાં કરીશું.

- સંપાદક

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : મો. ૯૪૨૭૫૫૪૩૯૧

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૧૮ અંક : ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૪**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**પૂછપરછ સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**(મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન : | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : હરિવાણી ટ્રસ્ટ**
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી

હરિઃૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. 'હરિભાવ'ને ૧૮ વર્ષ થતાં, સર્વનો ઋણસ્વીકાર .. સંપાદક ૪
૨. પૂજ્ય શ્રીમોટાના ૭૬મા સાક્ષાત્કારદિન
રામનવમીના ઉત્સવનો ટૂંક અહેવાલ ............ સંપાદક ૬
૩. બધાંનું મૂળ પોતાનામાં છે ...................... શ્રીમોટા ૭
૪. લેખકના બે બોલ : જીવન પ્રવાહ .............. શ્રીમોટા ૮
૫. પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંસ્મરણો ........ રાજેશભાઈ શાહ ૧૧
૬. પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી (૧૨) ............ શ્રીમોટા ૧૩
૭. સૂર્યાગ્નિ-અગ્નિ : સમન્વય દર્શન .............. વિનોબા ૧૫
૮. પૂજ્ય શ્રીમોટા સાથે મારી સોદાબાજી .. કરસનભાઈ પટેલ ૧૭
૯. વિચાર પ્રક્રિયા ............................... શ્રીમોટા ૨૧
૧૦. વિશ્વકોશ ટ્રસ્ટના મા. પ્રમુખશ્રી
શ્રેણિકભાઈની ચિર વિદાય ........... કુમારપાળ દેસાઈ ૨૨
૧૧. જન્મદિનનું મહત્ત્વ ......................... શ્રીમાતાજી ૨૬

## જ્ઞાનદાન

ન્યુજર્સી, અમેરિકા નિવાસી પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન દંપતી **શ્રીમતી ગીતાબહેન** અને **શ્રી કાર્તિકેય અમીન** તરફથી પૂજ્ય શ્રીમોટાના અવતરણ (૪, સપ્ટેમ્બર)ના માસના 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ પ્રાપ્ત થયો છે, તે બદલ અમો તેમનાં ઘણા ઘણા આભારી છીએ. -

**સંપાદક**

# (૧) 'હરિભાવ'ને ૧૮ વર્ષ થતાં, સર્વનો ઋણસ્વીકાર

સંપાદક

પૂજ્ય શ્રીમોટા પ્રેરિત જીવનવિકાસની ભાવના પ્રસારતા માસિકપત્ર 'હરિભાવ'નો પ્રથમ અંક ઑક્ટોબર, ૧૯૯૬માં પ્રકાશિત થયો હતો. તેને સમયની માપપટ્ટીથી માપતાં આ અંકના પ્રકાશન સાથે અઢાર વર્ષ પૂરાં થાય છે. એક રીતે તે પૂર્વે 'હરિવાણી'ના નામથી એ કાર્ય ગતિમાન તો હતું જ.

હરિઃૐ આશ્રમોના જે રીતે પૂજ્ય શ્રીમોટા અધિષ્ઠાતા (દેવ) છે, તે જ અર્થમાં તેઓશ્રીના અક્ષરદેહનો પ્રસાર કરતા આ કાર્યના પ્રણેતા અને કેંદ્રમાં પૂજ્ય શ્રીમોટા જ છે, એવી ભાવના 'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટીમંડળની અને 'હરિભાવ'ના સંપાદકની સતત રહેલી છે.

'હરિભાવ' અંગે લખવા જતાં જાણેઅજાણે સ્વપ્રશસ્તિનો આછેરો દોષ દાખલ થઈ જાય. છતાં એ વિચારને લઘુતમ સ્તરે જાળવવાની કોશિશ સાથે જે હકીકત છે તેને આ તકે વ્યક્ત કરાઈ છે, સાથોસાથ આ સમગ્ર પ્રવૃત્તિના જે પોષક ઘટકો છે તે સર્વ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવાનો ભાવ પણ પ્રવર્તે છે.

'હરિભાવ'ની પ્રવૃત્તિના પ્રેરક-પોષક તો શ્રીહરિ-પૂજ્ય શ્રીમોટા જ છે, એ ભાવના પ્રારંભથી હાલ સુધી મોખરે છે, એટલે સૌથી પ્રથમ તો પૂજ્ય શ્રીમોટા-શ્રીહરિને કોટિ કોટિ પ્રણામ કરીએ છીએ. પૂજ્ય શ્રીમોટા વિશે કશુંય લખવાની તલભાર ગુંજાશ ન હોવાથી એવી બાલિશ ચેષ્ટા કરવાથી દૂર રહેવું યોગ્ય માની માત્ર ને માત્ર પ્રણામ કરીએ છીએ.

શ્રીહરિની પોષક-કૃપાસહાય જેઓ દ્વારા 'હરિભાવ'ને શરૂઆતથી જ પ્રાપ્ત થઈ રહી છે, એ છે 'હરિભાવ' પરિવારના સર્વ ઘટકો. આ પરિવારનો પરીઘ ઘણો વિસ્તૃત છે એટલે એમના સહયોગનું મૂલ્યાંકન કરવાનું કાર્ય પણ કઠિન છે.

'હરિભાવ' પરિવારમાં મોભી કે મોખરાના સ્થાને સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદના મા. શ્રી શ્રેયસભાઈ અને એ સંસ્થાના અધિકારી-કર્મચારીગણ છે. આ મુદ્રણાલયના અતિ આધુનિક પ્રિન્ટિંગ મશીનને પૂજ્ય શ્રીમોટાએ સ્વિચ ઑન કરીને કાર્યરત કરેલું. તે સમયથી શ્રી વિષ્ણુભાઈ પંડ્યા પૂજ્ય શ્રીમોટા પ્રત્યે અને તેમના અક્ષરદેહના પ્રકાશનકાર્ય પ્રત્યે ભક્તિભાવે જે આદર અને ઉત્સાહ રાખતા હતા, તેમાં ઉત્તરોત્તર વધારો થયેલો છે. 'હરિભાવ'ના ફોર કલર ટાઇટલ અને ૨૪ પાનાંની મેટરના પ્રિન્ટિંગથી ડિસ્પૅચિંગ સુધીની કામગીરી આ સંસ્થાએ પૂરા સદ્‌ભાવથી સંભાળીને 'હરિવાણી ટ્રસ્ટ'ને અનેક પ્રકારની નિશ્ચિંતતાનું પ્રદાન કર્યું છે. એમનો આભાર વ્યક્ત કરવાનું ગજું ન હોઈ એમના આ સત્કાર્યનો બદલો શ્રીહરિ જ અર્પશે, એ ભાવથી એ સૌને વંદીએ છીએ.

'હરિભાવ' પરિવારના અનેક સભ્યો તરફથી 'હરિભાવ'ના દરેક અંક માટે આર્થિક સહયોગ-જ્ઞાનદાન વર્ષોથી મળી રહે છે. તે ઉપરાંત, દેશ-વિદેશના સભ્યો દ્વારા અવિરત રીતે દાન-ભેટના પ્રવાહના વેગને પુરવઠો પૂરો પડાતો રહ્યો છે. અમે જાણીએ છીએ અને સ્વીકારીએ છીએ કે આ મદદની પાછળ સત્‌સાહિત્ય-સાધુસંતોના શબ્દ અને પ્રાધાન્યપણે સદ્‌ગુરુ પરમ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો તેઓનો ભક્તિભાવ જ કારણરૂપ છે. આ સૌના સદ્‌ભાવનો ઋણસ્વીકાર કરી કૃતાર્થ થઈએ છીએ.

'હરિવાણી'-'હરિભાવ'ના પ્રારંભથી જ કંપોઝિંગની કામગીરી વ્યાપારી વૃત્તિને એકબાજુ રાખીને અર્થ કૉમ્પ્યૂટરના શ્રી કનુભાઈ પટેલ અને તેમના કર્મચારી શ્રી રમણભાઈ પટેલ સંભાળી રહ્યા છે. સાથોસાથ શ્રી કનુભાઈના સુપુત્ર પણ સ્વતંત્ર રીતે હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ ઉપર દરમહિને 'હરિભાવ'ને મૂકવાની ઉમદા સહાય અર્પી રહ્યા છે. આ સૌના અમો આભારી છીએ.

આ તકે આબુરાજ અન્નક્ષેત્ર, પાટડીના પૂજ્ય શ્રીદાસાનુદાસના બે કથન યાદ આવતાં આલેખ્યા છે. આદ્યસંપાદક સદ્‌ગત શ્રી રમેશભાઈ સાથે જ્યારે તેઓશ્રીને મળીને 'હરિવાણી'ના બદલે કેંદ્ર સરકારના લગત ડિપાર્ટમેન્ટ દ્વારા 'હરિભાવ'ના નામની મંજૂરી મળી છે તેની જાણ કરી ત્યારે તેઓશ્રીનું ઉચ્ચારણ હતું કે 'જે થયું છે તે યોગ્ય જ છે, કારણ કે **શ્રીહરિને વાણી ન હોય, શ્રીહરિનો ભાવ જ હોય !'** તેઓશ્રીનું બીજું કથન હતું કે **'ટ્રસ્ટ એટલે કષ્ટ'** 'હરિવાણી ટ્રસ્ટ' તેના પ્રારંભથી આજની મંજિલ સુધીમાં અનેક પ્રકારનાં કષ્ટોમાંથી પસાર થયું છે. એનો ઇતિહાસ કાળની ભૂમિમાં દટાયેલો પડેલો છે. શ્રીહરિકૃપાથી તે કષ્ટોમાંથી પસાર થવાતું રહ્યું છે.

'હરિવાણી ટ્રસ્ટ'ના અગાઉના અને હાલના ટ્રસ્ટીશ્રીઓએ 'હરિભાવ'ના સંપાદકને તેના કાર્યમાં જે મોકળાશ અર્પી છે, તેનું મૂલ્યાંકન તો તેની જ્યારે અછત હોય ત્યારે જ અનુભવાય. આ માટે એ સૌ પ્રત્યે માન-આદરભાવથી વંદીને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

'હરિભાવ'ના ટાઇટલ ડિઝાઇનના કાર્યમાં હરિઃૐ કોમ્યુનિકેશનના શ્રી મયૂર જાની અમારા માર્ગદર્શન અનુસાર સહયોગી બનતા હોઈ તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

'હરિભાવ' અને 'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા હરિભાવ પરિવારને અત્યાર સુધીમાં જે વીસેક ભેટ પુસ્તિકાઓ અપાઈ તેની મુદ્રણશુદ્ધિનું કાર્ય અમારા લઘુબંધુ શ્રી જયંતીભાઈ જાની દ્વારા થઈ રહ્યું છે. એક જ સદ્‌ગુરુ શ્રીમોટાના બંને અનુયાયી હોઈ, એ અર્થમાં એ ગુરુબંધુ પણ છે. એટલે 'હરિભાવ'નું કાર્ય એ પૂજ્ય શ્રીમોટાનું જ કાર્ય છે, એ ભાવનાથી તેઓશ્રી અત્યંત ચીવટ-ચોકસાઈપૂર્વક જોડણીશુદ્ધિની સેવાઓ પૂરા સદ્‌ભાવથી આટલાં વર્ષોથી આપી રહ્યા છે. એક વિવેકની રીતે તેઓનો આભાર તો જરૂરથી વ્યક્ત કરીએ છીએ, બાકી તો શ્રીહરિદત્ત એ શક્તિને કાર્યશીલ કરવાનું આ કાર્ય એમના માટે સહજ અને અતિઅલ્પ છે. તેઓનો સાથ મળવાથી 'હરિભાવ'ની મુદ્રણશુદ્ધિની કક્ષા જળવાઈ રહી છે.

હરિભાવ પરિવારના સર્વ ઘટકોને યાદ કરી સૌના ઋણસ્વીકાર કરાયા છતાં ખૂણેખાંચરે અને નામી-અનામી અન્ય જે કોઈ સભ્યોના સહયોગની વિગતોનો સ્પષ્ટ ઉલ્લેખ ન કરાયો હોય તે સર્વ પ્રત્યે હૃદયના ભાવથી આભાર વ્યક્ત કરીએ છીએ.

અંતમાં 'હરિભાવ'ના કાર્યમાં આગામી સમયમાં પણ શ્રીહરિકૃપા અને સર્વનો સહયોગ પ્રાપ્ત થતો રહે અને એના કારણે અમારું કાર્ય હળવું તેમ જ નિમિત્તયોગ પૂરતું મર્યાદિત રહે એવી સમજણ-અપેક્ષા અને ભાવના સાથે ફરી ફરીને સાદર, સસ્નેહ સર્વને હરિઃૐ. ❑

(અનુષ્ટુપ)

**બીજાઓના ભલા સારુ**
**ઉઠાવજો બધો શ્રમ,**
**સ્વાર્થહેતુ ન તેમાં હો**
**સેવાનો તે ખરો ક્રમ.**

'ગુણવિમર્શ', ત્રીજી આ., પૃ. ૬૦ — **શ્રીમોટા**

## (૨) પૂજ્ય શ્રીમોટાના ૭૯મા સાક્ષાત્કારદિન રામનવમીના ઉત્સવનો ટૂંક અહેવાલ સંપાદક

હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી શ્રી કનૈયાભાઈ છત્રપતિના સુપુત્ર શ્રી બિરેનભાઈ છત્રપતિ પરિવારના યજમાનપદે પૂજ્ય શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કારદિન-રામનવમીનો ઉત્સવ અડાજણ-સુરત ખાતે તા. ૨૭-૪-૨૧૦૪ના રોજ ઊજવાયો હતો.

પ્રણાલિકા અનુસાર ઉત્સવની આગલી સાંજે તા. ૨૬-૪-૨૦૧૪ના રોજ લવાછા મંડળ દ્વારા નામસ્મરણ કરાવાયું હતું. શાળાઓનાં બાળકો પૂજ્ય શ્રીમોટાના જીવનકાર્યથી વાકેફ થાય એ ભાવનાથી થતી વક્તૃત્વ અને નિબંધલેખનની સ્પર્ધાઓનાં વિજેતાં બાળકો, સ્વજનો સમક્ષ તેમનું વક્તૃત્વ અને નિબંધવાંચન કરે એવું આયોજન હાથ ધરાય છે અને તેઓને પ્રોત્સાહનરૂપે બિરદાવવામાં આવે છે.

આ ઉપરાંત, વાલોડની શાળાના આચાર્ય અને બાળકો દ્વારા 'હરિને ભજતાં'વાળા ભજનનું નાટ્ય-રૂપાંતર સંગીત સાથે ઉત્કૃષ્ટ અભિનય દ્વારા રજૂ કરાયું હતું. સ્વરુચિ ભોજન સાથે એ સાંજનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

તા. ૨૭-૪-૨૦૧૪, રવિવારે સવારે લવાછા મંડળ દ્વારા નામસ્મરણ બાદ નિત્યપ્રાર્થના, આરતી વગેરે સમૂહમાં કરાયેલ. સુરતના પ્રખ્યાત ગાયકવૃંદ શ્રી સત્યેન જગીવાળા, શ્રી ભાવિક પટેલ અને ધારાબહેન શાહના મધુર કંઠે વાજિંત્રો સાથે રજૂ કરાયેલ ભજનોથી સ્વજનોએ ભાવની ભીનાશ અનુભવી હતી.

હરિઃૐ આશ્રમ, સુરતનો ચાલુ વર્ષનો વાર્ષિક અહેવાલ સ્વજનોને ઉપલબ્ધ કરાયો હતો. સાહસ, હિંમત વગેરે ગુણો સમાજમાં વિકસે એવી પૂજ્ય શ્રીમોટાની ભાવનાને અનુરૂપ યોગ્ય વ્યક્તિઓનું બહુમાન ઉત્સવ દરમિયાન કરાતું હોય છે. વર્ષ ૨૦૧૩ના ચોમાસામાં ખાડી પૂરમાં સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડના જવાનોએ પોતાના જીવના જોખમે, ટાંચાં સાધનો છતાં તરાપાઓ, સ્વસૂઝ અને સાહસ દ્વારા એકાદ હજાર વ્યક્તિઓના જીવ બચાવાયા હતા. આશ્રમ તરફથી ફાયર બ્રિગેડ વિભાગને સાહસ અને વીરતાનો પ્રશસ્તિપત્ર અને રૂપિયા એક લાખનો એવોર્ડ અને ચંદ્રકો માન. શ્રી કુમારપાળ દેસાઈના વરદ હસ્તે એનાયત કરાયાં હતાં.

આ પ્રસંગે પ્રમુખ વક્તા તરીકે પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ પૂજ્ય શ્રીમોટા દ્વારા **'અપંગના ઓજસ'**ની જે પ્રસ્તાવના લખી આપી હતી તે પ્રસંગને ભાવપૂર્વક રજૂ કર્યો હતો. તેઓશ્રી દ્વારા લખાયેલ તમામ પુસ્તકો પૈકી આ પુસ્તકનું વેચાણ સૌથી વિશેષ હોવાનું તેમ જ હિંદીમાં અને અંગ્રેજીમાં એના ભાષાંતર થયાનું જણાવેલ. મૌનમંદિરમાંના અનુષ્ઠાન અને નામસ્મરણથી થતી કરણોની ઊર્ધ્વગતિની વાતો સરળ ભાષામાં તેઓશ્રીએ રજૂ કરી હતી. ઉપરાંત, ગુજરાતી ભાષામાં વિશ્વકોશના પૂજ્ય શ્રીમોટાના સંકલ્પ અને વિશ્વકોશ ટ્રસ્ટને હરિઃૐ આશ્રમના સહયોગ અંગે પણ વિગતે વાત કરી હતી.

આશ્રમ તરફથી પૂજ્ય 'શ્રીમોટા : જીવન અને કાર્ય'ના પુસ્તકનો સેટ શ્રી કુમારપાળને અપાયેલ. તેઓશ્રી તરફથી વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા નડિયાદ આશ્રમના સહયોગથી પ્રકાશિત થયેલ બાળવિશ્વકોશ ગ્રંથ-શ્રેણીના પાંચ પુસ્તકનો સેટ આશ્રમને ભેટ અપાયેલ.

નડિયાદના શ્રી હર્ષદભાઈ શાહ, હાલ અમેરિકા દ્વારા નિર્મિત ગ્રંથ શ્રીમદ્ ભાગવત જીવનપરાગનું વિમોચન સ્વજન ડૉ. અચલાબહેન ગાંધીના હસ્તે કરાયું હતું.

અંતમાં પૂજ્ય શ્રીમોટાને અતિપ્રિય ખીચડી-કઢી અને શાકના પ્રસાદનો આસ્વાદ લઈ પ્રસંગને મનહૃદયમાં વાગોળતાં સૌ સ્વજનો આનંદ ઉલ્લાસ સાથે વીખરાયાં હતાં. ❑

## (૩) બધાંનું મૂળ પોતામાં

**શ્રીમોટા**

**શ્રી રમણભાઈ :** મોટા, તમે કહો છો કે બીજાનું મૂળ આપણામાં જોવું. દરેક વસ્તુ જે કંઈ થઈ રહી હોય તે બધાંનું મૂળ આપણામાં છે.

**શ્રીમોટા :** એનું મૂળ આપણા પોતાનામાં જ છે. હું તમને સમજણ પાડું કે આપ મને મળ્યા. બીજા અનેક માણસો મળ્યા છે. હું કોઈને મળવા ગયો નથી, સંબંધ બાંધવા ગયો નથી. બધાં આપમેળે મને મળ્યાં, કારણ કે તે દરેકનું મૂળ મારામાં છે. એવા કેટલાય જીવો છે કે જેનો સંબંધ મને થયો નથી, કારણ કે એનાં મૂળ મારામાં નથી. કોઈ બાહ્ય પ્રવૃત્તિ મારાથી થાય છે એનાં પણ મૂળ મારામાં છે.

જે કંઈ થાય છે જે કંઈ કરીએ છીએ એનાં મૂળ તો મનાદિકરણ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્- છે. કોઈ વલણ ગતિમાં આવે છે. એનું મૂળ સંસ્કારમાં છે. એ સંસ્કારો પણ આપણા પોતાનામાં છે. એટલે આ વૃત્તિ સમજણપૂર્વક કેળવવામાં અતિશયતા નથી. વાસ્તવિક રીતે આમ નથી એમ માની લઈએ છીએ એવું પણ નથી. આપણી બુદ્ધિને પણ સંતોષ થાય છે કે આ બરોબર છે.

આ પ્રમાણે માનવા જતાં પછી પરિણામ એ આવે છે કે **બીજા તરફ આપણી જોવાની વૃત્તિ ફરી જાય છે.** પ્રત્યેક માણસને બીજાના દોષો તરફ, બીજાની વૃત્તિઓ તરફ, બીજાના સ્વભાવ તરફ જોવાની બહુ ટેવ છે. પ્રત્યેક માણસ પોતાના કરતાં બીજાને માટે વધારેમાં વધારે વિચારે છે. પોતાના વિશે ઓછામાં ઓછું, નહિ જેવું વિચારે છે. ત્યારે એ દરેકનું મૂળ પોતાનામાં જ છે, એ જો બુદ્ધિપૂર્વક સમજાઈ જાય-ખાતરી થઈ જાય તો ઘણો ફેર પડી જશે. જીવ જો આ પ્રકારે વિચારતો થઈ જાય તો એ વધારે ને વધારે અંતર્મુખ થતો જશે એનું બહિર્મુખપણું ઘટતું જશે. એટલે આપણાં મનાદિકરણને બીજામાં પરોવાની જે ખોટી ટેવ પડેલી છે એમાં ફેર પડશે.

આત્માની અપેક્ષાએ જીવદશામાં તો માણસ એમ જ વર્તે. પોતા વિશે ઓછું અને બીજા વિશે વધારે વિચારે. અત્યારે હું જીવદશાની વાત નથી કરતો. પણ આત્મા વિશેની વાત કરું છું. એટલે બહિર્મુખપણું ઘટાડવા માટે પણ દરેકનું મૂળ આપણામાં જ છે, એમ બુદ્ધિથી સ્વીકારાય તો આપણે હંમેશાં પોતાના તરફ વળેલાં રહીશું.

આપણાં મનાદિ બહિર્મુખ ડોકિયું કરે તો આપણે કહી શકીએ કે 'ભાઈ, આ બધી વાત બરોબર નથી. તું બીજાનું વિચારે છે પણ એનું મૂળ તો તારામાં છે' એટલે આ તો નકામી-મિથ્યા પ્રવૃત્તિ છે. એમાં વાસ્તવિકતા નથી.

મનાદિકરણ જેટલાં બહાર જતાં અટક્યાં, એટલાં જ એ વિશેષ ને વિશેષ અંદર કામ કરતાં થશે. અને બધાંમાં રેલાયેલાં આપણાં મનાદિ-અંતઃકરણ એ પોતાનામાં પાછાં ફરશે. જે દિવસે એનો અભ્યાસ પાકો થશે ત્યારે આવા સાધનથી કરીને વિશેષ ને વિશેષ આપણા પોતાનામાં વળતાં થઈ શકીશું. ❑

**સત્સંગ નિમંત્રણ**

પૂજ્ય શ્રીમોટાના ગુજરાતી ભાષામાં 'વિશ્વકોશ'ના સંકલ્પને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સાકાર કરાયો છે. એ ભગવદ્ કાર્ય સાથે સંકળાયેલ અગ્રણી પદ્મશ્રી કુમારપાળ દેસાઈના સહયોગથી વિશ્વકોશ ટ્રસ્ટના કાર્યફલક અંગે જાણકારી મેળવવા તેમ જ 'સમાજને બેઠો કરવાના' શ્રીમોટાના સંકલ્પના સંદર્ભમાં શ્રીમોટા : જીવન અને કાર્ય અંગે હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ દ્વારા એક સત્સંગનું આયોજન નીચેના સ્થળે-સમયે કરાયું છે. **વિશેષ જાણકારી માટે સંપર્ક હરિઃૐ સત્સંગમંડળના માનદમંત્રી શ્રી નીતિન રામી, મો. ૯૮૨૫૦૩૮૧૦૧,** તા. ૨૧-૯-૨૦૧૪, રવિવાર, સમય : સાંજે ૫ થી ૭, સ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩, ફોન : (૦૭૯) ૨૭૫૫૧૭૦૩

## (૪) લેખકના બે બોલ : જીવન પ્રવાહ

**શ્રીમોટા**

તા. ૧૬-૩-૧૯૭૫ના રોજ સુરત આશ્રમમાં આવવાનું થયું ત્યાર પછી મારા શરીરને બહુ દુઃખ, બહુ વેદના થવા લાગી. ભયંકર વેદના થવા લાગી.

**'ભયંકર વેદના કેવી અસહ્યાતીત લાગે છે.'** એટલે મેં નંદુભાઈને કહ્યું કે 'શરીરને બહુ વેદના થાય છે, આમ તો હું સ્મરણ ભજન કર્યાં કરું છું, પણ હવે એમ થાય છે કે હું જાણે કે ભજન લખું, એમાં મારો જીવ વધારે પરોવાય. અને હું ગઝલમાં લખું તો !' નંદુભાઈ કહે કે 'હા એમ કરો !' એટલે મેં તો ત્યારથી લખવા માંડ્યું, અને નક્કી કર્યું કે ૨૦૮ ભજનો લખવાં. અને ભગવાનની કૃપાથી કોઈ છપાવનાર તો મળી જશે, અને એમ એવી રીતે લખવા માંડ્યું. રોજ સવારે મને વ્હીલ ચૅરમાં બેસાડીને સુરત શહેરમાંથી આવતા ભાઈઓ ફરવા લઈ જતા. ત્યારે હું મોઢેથી ભજન બોલું અને ભાઈ ચૂની કાગળમાં લખી લે.

ત્યારે કંઈ વિચારવાનું મારે ખાસ રહેતું નહિ. માત્ર હું બોલ્યે જતો અને એ લખ્યે જતો. એમ રોજ છ-સાત કદીક આઠ ભજનો થાય, અને બાકીનાં હું આશ્રમે બધાં બેઠા હોય તોપણ લખી લેતો. કોઈક વાર ૧૧-૧૨ ભજન પણ થઈ જતાં. એવી રીતે આ ભજનોનો સંગ્રહ એકઠો થયો છે. અને ભાઈ રજનીભાઈએ સારા અક્ષરે તે બધું ઉતાર્યું છે. મથાળાં તો અમે કરી આપતા અને રજનીભાઈ તે સારા અક્ષરે ઉતારી આપતા. એ બધું લખાણ પછી મેં એક ભાઈને મોકલી આપ્યું અને તેમણે વર્ગીકરણ કરીને પ્રેસમાં આપવા યથાયોગ્ય કરી તૈયાર કરી આપ્યું.

આ **'જીવન પ્રવાહ'**માં જે ગીતો છે, તે ગઝલના ઢાળમાં છે. ગઝલ એ દિલની ઊર્મિઓને વ્યક્ત કરવાનું એક સારું સાધન છે. ઊર્મિ, લાગણી, ભાવ, પ્રેમ એવાં બધાંને વ્યક્ત થવાને માટે ગઝલનો ઢાળ બહુ સરળતાભર્યો છે. આમ, બધું જાણતો હોવા છતાં આ પુસ્તકમાં જે ગઝલો લખાઈ છે તેમાં લાગણી, ભાવ, પ્રેમ વગેરે બધું નથી એમ તો નહિ, પરંતુ એમાં તર્ક, દલીલ વગેરે બધું પણ આવે છે, જે ગઝલમાં ના શોભે, તેમ છતાં મેં બધું લખી તો માર્યું છે.

આ મારાં ભજનો, એ મારા સાધનાના કાળમાં મારા જીવનમાં ભગવાનને અનુભવવાને મારાથી જે રીતની મથામણ અને સાધના થઈ છે, તેના ઈતિહાસનો આમાં ઉલ્લેખ છે અને તેની ખૂબી એ છે કે તે છેક નીચેથી લઈને છેક ઉપર જાય છે. climaxમાં આવે છે. એટલે કે દા.ત., હું એમ કહું કે હું આવો હતો, જીવદશામાં આવો હતો, આવો હતો, એમ જણાવીને આખરે પછી ઊંચામાં ઊંચી સ્થિતિ થઈ હોય તેનું વર્ણન આવે છે. એ એક રીતે મારા જીવનમાં, હું જીવદશામાં કેવો હતો અને મારાં પ્રકૃતિ, સ્વભાવ કેવાં હતાં, તે પણ બધું સ્પષ્ટતાથી-ખુલ્લું લખ્યું છે, એમાં કોઈ સંકોચ રાખ્યો નથી, કારણ મારે તો મારા ભગવાનની આગળ બધું ખુલ્લું જ છે. આમ તો હું ખુલ્લો થઈ જ ગયેલો છું અને સમાજની આગળ પણ એ રીતે ખુલ્લા થઈને બધું લખ્યું છે. અત્યાર સુધીમાં કેટલાં બધાં મારાં આવાં ભજનો બહાર પડ્યાં છે, તેમાં મારા તે તે કાળના પ્રકૃતિનાં જે જે બધાં વલણો હતાં, તે બહુ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવેલાં છે.

મારાં આ ભજનો જે લખાયેલાં છે, તે ભજનોનું હું સાહિત્યની દૃષ્ટિએ એનું બહુ મૂલ્ય આંકતો નથી. સાહિત્યનો કંઈક મને અભ્યાસ ખરો, અને

સાહિત્યની કંઈક સમજણ પણ ખરી, તેમ જ કાવ્યની પણ સમજણ ખરી, કારણ હું બી.એ.માં હતો ત્યારે મારો વિષય ગુજરાતી હતો. ગુજરાતી ઑનર્સ મેં લીધેલું હતું. એટલે એ વિશે મને સમજણ તો પડે, પણ મારો નિયમ છે અને **મારા ગુરુમહારાજનો મને હુકમ છે કે 'દીકરા, તારે એવું એવું લખવું જે બધાં સામાન્ય ભણેલાં અને ન ભણેલાં માણસોને પણ સમજણ પડે.'** એને મૂળથી અને જ્યારથી લખવાની મેં શરૂઆત કરી છે ત્યારથી આ નિયમને હું વળગી રહેલો છું.

આ ભજનો પણ એવી સરળતાથી લખાયેલાં છે કે પહેલા જ વાંચને સામાન્ય માણસને પણ સમજ પડે. એવી રીતે આ લખાયેલું છે. એટલે આ ભજનોને હું કંઈ સાહિત્ય ગણતો નથી, જોડકણાં જ ગણું છું. અને એ રીતે જ જોવા વાચકોને મારી વિનંતી છે. શ્રેયાર્થીને આમાંથી ઘણું સમજવાનું મળશે. પછી જે કોઈ ભગવાનને અનુભવવાને હૃદયથી ખરેખરી જહેમત ઉઠાવતો હશે તેને આમાંથી સમજવાનું તો ઘણું મળશે, એટલું જ નહિ પણ આ બધી રીતરસમો સાધનાની છે તે મેં આ ભજનોમાં લખેલી છે. કેટલાંક ગૂઢ સાધનો વિશે મેં લખ્યું નથી. ગૂઢ સાધનો જેના વિશે મેં ઉલ્લેખ કર્યો નથી, એ ગૂઢ સાધનો મેં કરેલાં છે ખરાં પણ એના વિશે લખવું નકામું છે, કારણ કે અમુક કક્ષા સુધી કે અમુક ભૂમિકા સુધી ગયા ન હોઈએ ત્યારે તથા અમુક પ્રકારની શુદ્ધિ થયેલી ન હોય તો તે ગૂઢ સાધનો થઈ શકે નહિ અને એ માત્ર વાંચવાથી કંઈ આવડી શકે નહિ. એ તો એ પ્રકારની આપણી પરિપક્વ ભૂમિકા થઈ હોય તો જ એ ગૂઢ સાધન આપણાથી થઈ શકે. અને તે પણ બધાંથી જ તેવાં, ધારો કે કોઈની ભૂમિકા તેવી થઈ હોય તોપણ તેવાં, ગૂઢ સાધનો થઈ શકે કે કેમ તે પણ એક વિચારવા જેવો પ્રશ્ન છે. એટલે એ વિશે મેં કંઈ કશાનો ખાસ કંઈ ઉલ્લેખ આ આત્મનિવેદનનાં ભજનોમાં કરેલો નથી. એટલે જે ગૂઢ સાધનો મેં કરેલાં છે તેનો આમાં ઉલ્લેખ નથી, પણ સામાન્યપણે જે સાધનો છે, સ્મરણ, કીર્તન, ભજન, નિદિધ્યાસન, સમર્પણ આ બધાં સાધનો જે મેં કરેલાં છે તેનો ઉલ્લેખ અંદર આવે છે. સાધના કર્યા વિના અને એ સાધનાનો જે ભાવ છે, સાધનામાંથી પ્રગટતો જે ભાવ છે, તે કર્મ દ્વારા જ સાકાર થાય છે. એ કર્મ-એટલા સારુ સાધકને માટે અનિવાર્ય છે, પણ એ કર્મ પ્રભુપ્રીત્યર્થે છે, એ પોતાને માટે નહિ, પણ પોતાના ભાવને સાકાર કરવાને માટે છે, કારણ ભાવને ઘટ્ટ કરવાને માટે અને **પ્રભુપીત્યર્થે એ કર્મ જો થયા કરે અને એમાં હૃદયનો ભાવ પરોવાયેલો હોય તો એ માત્ર સ્થૂળ કર્મ નથી રહેતું પણ એ કર્મયજ્ઞ થઈ જાય છે અને એ કર્મ તો ખરેખર રીતે કર્મયોગ બની જાય છે.**

એટલે મારા જીવનમાં મેં ભક્તિ તો કરેલી જ છે. મારાં જે આટલાં બધાં ભજનો કરેલાં છે અને છપાયેલાં છે, તે રીતે કર્મ પણ એવી જાતનાં મારાથી ભગવાનની કૃપાથી થયેલાં છે, એટલે કર્મયોગ પણ થયેલો છે અને મારું આ સાહિત્ય વાંચતાં વાંચતાં કોઈને પણ સમજાશે કે 'મોટા'ને જ્ઞાન તો છે. એટલે આ તો ત્રિવેણીસંગમ થયેલો છે, એ પણ ભગવાનની મોટામાં મોટી કૃપા છે. કેટલી મોટી કૃપા કે જેનું સાહિત્યિક ભાષામાં વર્ણન થઈ શકે નહિ. એવી એ મોટી કૃપા છે, કારણ કે મારા જેવા સાવ બોથડને આવું આવડવું જ શક્ય નથી. નાનપણમાં જેણે જોયું હોય અથવા તો **હું જ્યારે સાબરમતી આશ્રમમાં હતો અને ગુજરાત હરિજન સેવક સંઘનો સહમંત્રી હતો ત્યારે મને બોથડ અને ભોટ કહેતા** એ બધી જાણીતી હકીકત છે. ત્યારે મારો

વેશ પણ એ જાતનો હતો, કારણ કે મારે નમ્રતાને છેક શૂન્યતાની હદ સુધી લઈ જઈને પહોંચાડવી હતી, કારણ કે એ મારા જીવનની કેળવણીનો, નમ્રતાને કેળવવાનો, એક મોટામાં મોટો તબક્કો હતો, માત્ર એ જાતની નમ્રતા કેળવવાનો મારો પ્રયાસ ચાલ્યા કરતો હતો અને તેથી બધાંને હું એવો લાગુ એમાં કંઈ આશ્ચર્ય નથી. તેમ જ ત્યારે એ જાતનો ભાવ પણ મારા આખા મોઢા ઉપર પ્રવર્તતો હતો. એટલે લોકો મને એવો ભોટ કહે એ તેમની દૃષ્ટિએ તદ્દન વાજબી હતું, એમાં કોઈનો દોષ હું જોતો નથી.

મેં કોઈ દિવસ કોઈને સામો જવાબ પણ આપેલો નથી. માત્ર હું ત્યારે હસતો. એટલે એ નમ્રતા અને આવા સાધનાને પંથે જેણે જવું છે તેણે છેક શૂન્ય પારા સુધી પહોંચે ત્યાં સુધી કેળવવી જોઈશે. અને અહમ્ તો સંપૂર્ણપણે ઓગળી જવું જોઈએ, પણ એ ભક્તિ વિના ઓગળવું કદી શક્ય નથી. **ભક્તિ, એની છેક પરાકાષ્ઠાએ જ્યારે પહોંચે છે ત્યારે અહમ્ ઓગળે છે. ત્યારે અહમ્ એ ભગવાનના ભાવમાં મળી જાય છે** અને ત્યારે જ સાચી ભક્તિ માનવીના દિલમાં લાગેલી છે એમ માની શકાય. બાકી, **અહમ્ ઓગળ્યા વિના ભક્તિ પણ એની શૂન્યતાની ટોચે કદી પહોંચી શકતી નથી.** એટલે આ બંનેનો પરસ્પર સંબંધ છે. સાચા સાધક કે શ્રેયાર્થીને માટે અહમ્‌ને ઓગાળ્યા સિવાય એ આગળ વધી શકવાનો જ નથી. સાધનાની શરૂઆતથી જ મને દિલમાં લાગી ગયેલું કે અહમ્‌થી મુક્ત થવું એ અનિવાર્ય પગલું છે. સાધનાના પંથમાં અહમ્‌થી મોકળા થવું અને નમ્રતાથી શૂન્યતા સુધી પહોંચવું એ અનિવાર્ય પગલું છે અને એ ભર્યા સિવાય સાચી ભક્તિ આપણા દિલમાં કદી પ્રગટી શકવાની નથી. એનું ભાન સાધનાની છેક શરૂઆતથી મને લાગી ગયેલું હતું. એ પણ ભગવાનની પરમ કૃપા કે મને એવું ભાન સૂઝેલું. જો તે ભાન થયું જ ના હોત તો કદાચ મારાથી એવા પ્રયત્ન પણ ના થયા હોત. અને મને સાધનાને પંથે જતાં જે જે પ્રકારનું ભાન સ્ફુરતું તે માત્ર હું મનમાં કે મારા મગજમાં રહેવા દેતો નહિ, પણ એનો અમલ જ થતો. પ્રત્યક્ષ તેનું અમલીકરણ થતું અને તેને હું કર્મ દ્વારા, તે પ્રકારનો ભાવ મારા જીવનમાં સાકારપણે પ્રવર્ત્યાં કરે એવો જ મારો જીવતોજાગતો પ્રયત્ન ચેતનાત્મક રહ્યા કરતો. અને એમાંથી ઘણાં સારાં ફળ નીપજેલાં મેં અનુભવેલાં છે.

આ જે ભજનો છે, તે ભજનોને રોજ સવારમાં વહેલા બધા ભાઈઓ શહેરમાંથી, સુરતથી આવતા અને ભાઈ ચૂની વાંચી સંભળાવતો અને તેમાં કંઈ ભૂલચૂક હોય તે અમે સુધારતા. અને રોજ એવાં ૧૦-૧૨ ભજનો સવારમાં અમે વાંચતા અને એવી રીતે આ બધાં ભજનો વંચાયેલાં છે અને નજર તળે નંખાઈ ગયેલાં પણ છે. તેમ છતાં એમાં ભૂલચૂક રહી ગઈ હોય તો વાચકો મને ક્ષમા કરશે એવી પ્રાર્થના.

'બે બોલ', પ્ર. આ., માંથી સાભાર ❑

**એક સમજ**

'આપણે જ્યારે જન્મતાં હોઈએ છીએ, ત્યારે આપણી સાથેના આપણા મિત્રો કે વેરીઓ કે આપણાં સગાં, આપણા અણગમાવાળા કે જેને માટે આપણને વેર છે, એવા બધા જીવોને આપણે સાથે લઈને જન્મતાં હોઈએ છીએ. પોતપોતાનું સર્કલ જે આપણી પોતાની વૃત્તિઓને લઈ બાંધેલું છે, એવાંને જ લઈને જન્મતાં હોઈએ છીએ.'

**શ્રીમોટા**

'શેષવિશેષ', પ્ર. આ., પૃ. ૪ ❑

## (૫) પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંસ્મરણો-૨

**રાજેશભાઈ શાહ**

*(શ્રી રાજેશભાઈ શાહના પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંસ્મરણોની વિગત માહે જુલાઈ, ૨૦૧૪ના અંકમાં પ્રકાશિત કરાઈ છે. તેના અનુસંધાને આ લેખ છે. ખાસ તો પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ સાથેનો સંબંધ જ મોખરે રહેલો છે. -**સંપાદક**)*

પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈને અમારા દાંપત્ય જીવનના પ્રારંભકાળના અથડામણોના પ્રસંગો અંગે હું પત્રથી જાણ કરતો હતો. તેઓ તરફથી ખૂબ જ શાંતિથી સમજણ આપતા જવાબ મને મળતા હતા. ક્યારેક લાંબા કાગળો લખું તો તેઓ રૂબરૂ મળવા બોલાવી લેતા. તેઓશ્રીની સાથે જે દીર્ઘકાળ સુધી પત્રવ્યવહાર થયો હતો, તેમાં તેમના તરફથી મળેલ સમજણની કેટલીક વિગતો આ પ્રમાણે હતી :-

૧. પત્ની એની ઇચ્છાથી અને લેણદેણના ઋણાનુબંધે જેવી મળી હોય તેવી આનંદપૂર્વક સ્વીકારી લઈને તેની ઊણપો ન જોતાં તેના આત્માને ચાહવાનો હોય છે. પત્નીના દોષો જોઈને અણગમો થવો ન જોઈએ તેમ જ ગુણો દેખીને ચાહવાનું બને તેવું ન હોવું જોઈએ. **સાચો પ્રેમ તો નિરાલંબ છે. ગુણદોષ પર જે ભાવ વધે કે ઘટે તે પ્રેમ જ નથી.**

૨. કામવાસનાના હુમલા તો મુક્તિના ઉંબર સુધી રહેતા હોય છે. સૌ કોઈને તેમ છે. વિવેક અને વૈરાગ્યથી તેનું પણ ઊર્ધ્વ રૂપાંતર થઈ શકે છે.

૩. **માનવી તેના જીવનમાં કોઈ ધ્યેય વિના ભટક્યા કરતો હોય છે** એટલે ઊર્ધ્વ જીવન જીવવા માટે જીવનમાં કોઈ આદર્શ નક્કી કરવો ઘટે.

૪. સમાજમાં અન્યાય, અનૈતિકતા વગેરે રહેવાનાં જ. આખા જગતને ચામડે મઢી નહિ શકાય. એટલે પોતે પોતાના પગમાં જૂતાં પહેરી લેવાં.

૫. મૃત્યુના વિચારમાંથી તો ભય નહિ પણ વિવેક અને વૈરાગ્ય જન્માવી શકાય.

૬. 'પ્રભુકૃપા'ની વાતો નિર્બળતાનું ચિહ્ન છે. પ્રભુકૃપા તો છે જ, પણ પુરુષાર્થની, પરમ પુરુષાર્થની આવશ્યકતા છે. પુરુષાર્થ, પ્રભુકૃપા ખેંચી લાવે છે.

૭. સાચું માર્ગદર્શન પોતાના અંતરમાંથી મળી રહેવું જોઈએ. બીજાએ આપેલ સૂઝ-સમજ ઝાઝો સમય નહિ ટકે. પ્રાર્થના કરી કરીને અંતરને શુદ્ધતર, શુદ્ધતમ કરી માર્ગદર્શન પોતામાંથી મેળવવા પ્રયત્ન કરવો.

૮. પત્નીને કે બાળકોને આગ્રહથી કોઈ પણ કશામાં ખેંચવા ઠીક નથી. પૂજ્ય મોટાના પંથમાં પણ તેઓને ખેંચવા ઠીક નથી. સૌ સૌને પોતપોતાનો આગવો માર્ગ હોઈ શકે છે. દબાણ-સમજાવટ કે તેવું કશું કરવું યોગ્ય નથી.

૯. પૂજ્ય શ્રીમોટાના સાહિત્યનું નિયમિત વાંચન પ્રત્યક્ષ પૂજ્ય શ્રીમોટાના સંસર્ગની ગરજ સારશે અને સારે છે એવો ઘણાંનો અનુભવ છે.

૧૦. નીતિથી ચાલજો. **આ કાળમાં પ્રમાણિકપણે જીવીએ તો તે પણ એક તપ જ છે.**

૧૧. કોઈની પણ સાથેના સંઘર્ષમાં જે વ્યક્તિ પોતાના દોષ જુએ છે તેનો આ પંથે અચૂક જયવારો છે.

સને ૧૯૮૦-૧૯૮૧માં નડિયાદ આશ્રમમાં મારું સાત દિવસનું મૌન નક્કી થયું હતું. મૌન માટે આવી જવાનો પત્ર પણ આશ્રમ તરફથી મને મળેલો, પરંતુ જ્યારે હું આશ્રમે પહોંચ્યો તો કોઈ મૌનરૂમ ખાલી ન હતો. શ્રી નંદુભાઈએ મને પાછા જવાનું ન કહેતાં શરૂઆતના બે દિવસ આશ્રમમાં પ્રવેશતાં ડાબા હાથના ઘુમ્મટવાળા મૌનરૂમની લૉબીમાં બેસાડ્યો અને પછી પૂજ્ય શ્રીમોટાની જ

રૂમમાં બે દિવસ અને છેલ્લે આશ્રમના પાછળના ભાગના ઘુમ્મટવાળા રૂમમાં બેસાડી મારું મૌન-સપ્તાહ પૂર્ણ કરાવેલું. પૂજ્ય શ્રીમોટાના રૂમમાં હું હતો તે સમયે શ્રી નંદુભાઈની ચિઠ્ઠી આવેલી કે, 'રાજેશભાઈ, આપણે તો જૂના જોગી છીએ' જોકે આ વાક્યનો ગૂઢાર્થ તે સમયે યોગ્ય રીતે મને સમજાયો ન હતો.

હવે બન્યું એવું કે આ મૌનસપ્તાહ પૂર્ણ થયું અને બહાર નીકળી અમદાવાદ પરત થયો પણ મારું હરિઃૐ બોલવાનું બંધ થતું ન હતું. પરિવારને લાગ્યું કે મને ગાંડપણનો હુમલો આવ્યો છે. તેઓએ ડૉક્ટરને બોલાવી બે ઇંજેક્ષન અપાવ્યાં જેથી મારું મન શાંત થાય અને મારું હરિઃૐ બોલવાનું બંધ થાય તેમ જ હું ઊંઘી જઉં, પરંતુ તે પ્રયાસ વ્યર્થ ગયો. શ્રી ચીમનભાઈ મહાજનને આની જાણ થઈ એટલે તેઓ મારે ત્યાં આવ્યા, મારા બરડે હાથ ફેરવ્યા કર્યો અને તેમના મકાન ઉપર મને લઈ ગયા. તે પછી ધીમે ધીમે હું ત્યાં શાંત થઈને ઊંઘી ગયો હતો.

એક વખત સુરત આશ્રમે હું મૌનમાં બેઠો હતો. મને શરદી સળેખમનો ભયંકર હુમલો થયો હતો. ન નામસ્મરણ કરાય ના કંઈ વાંચી શકાય. મૌન-રૂમમાંથી બહાર નીકળી જવાનો વિચાર આવતો. તે સમયે પૂજ્ય નંદુભાઈ સુરત આશ્રમમાં હતા. અચાનક તેઓની ચિઠ્ઠી અને શરદીની દવા આવી. ચિઠ્ઠીમાં લખેલું કે વિશેષ દવાની જરૂર પડે તો મંગાવી લેજો. કોઈ જાતનો સંકોચ રાખશો નહિ.

અમદાવાદમાં રોહિત મિલ્સમાં મારી ૨૨ વર્ષની નોકરી બાદ મિલ્સ બંધ થઈ. એટલે પ્રાઈવેટ નોકરી શરૂ કરી. દરમિયાન અર્બુદા મિલ્સમાં નોકરી મળતાં ત્યાં જોડાયો. તે મિલ્સ પણ થોડાં વર્ષો બાદ બંધ થતાં મારા સ્નેહી-શુભેચ્છક શ્રી જયંતીભાઈ જાનીએ લેખડિયા પરિવારના શ્રી અતુલભાઈને મારા માટે ભલામણ કરી હતી. પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ સાથે શ્રી અતુલભાઈ ઘનિષ્ઠ રીતે આદરભાવથી સંકળાયેલા હતા. શ્રી નંદુભાઈએ પણ મારા માટે અભિપ્રાય આપેલો કે તેમના જેવો પ્રમાણિક સિનિયર માણસ મળવો મુશ્કેલ છે. એટલે સને ૧૯૯૪થી છેલ્લાં વીસ વર્ષથી હું લેખડિયા જૂથમાં સર્વિસ કરું છુંઅને મને ખૂબ સારી રીતે તેઓ જાળવે છે.

પૂજ્ય શ્રીમોટાએ દેહત્યાગ કર્યો તે પહેલાં અમે અમારાં બંને બાળકો સાથે નડિયાદ આશ્રમે ગયાં હતાં. મારાથી પૂજ્ય શ્રીમોટાને મનોમન પણ હૃદયના ઊંડાણથી પ્રાર્થના થઈ ગયેલી કે મોટા ! અમારાં આ બંને બાળકોને તમે સાચવજો. અંતર્યામી કરુણાસાગર શ્રીમોટાએ જાણે કે મારી એ પ્રાર્થના સ્વીકારી હોય અને એના પરિણામે પુત્ર શ્રી સંદીપ સિવિલ ઍન્જિનિયરીંગના અભ્યાસ બાદ 'અનુપમ મિશન'માં મોગરી ગામે આણંદ જિલ્લામાં જોડાયો છે. દીકરી શ્રી નીપા ઈલેક્ટ્રિકલ ઍન્જિનિયરીંગ બાદ 'ગુણાતીત જ્યોત'માં વલ્લભ વિદ્યાનગર, આણંદમાં જોડાઈ છે. આમ, બંને સંતાનો જીવનવિકાસના ઊર્ધ્વમાર્ગે ગતિમાન છે. પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ તરફથી પણ અમને પત્ર દ્વારા કહેવાયું હતું જ કે તમારાં બંને બાળકો રત્ન જેવાં છે. તેઓનો સારી રીતે ઉછેર કરશો અને ઠપકા કે દંડનાત્મક વિચારો કે અભિગમ ધરાવશો નહિ.

એક વખત છ-સાત પાનાં ભરીને મેં પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈને પત્ર લખેલો. તેઓશ્રીએ મને કોઈ સાંજે રૂબરૂ આવી જવા જણાવેલું. હું રાત્રે આશ્રમમાં રોકાયો. સવારે ભાઈશ્રીએ ફરવા જતી વખતે મને સાથે રાખ્યો અને બધા મુદ્દાઓ અંગે વિગતે સમજ આપી. અમે ફરવા જતા હતા ત્યાં પૂજ્ય શ્રીમોટા સામેથી ફરીને પાછા આવતા હતા. શ્રી નંદુભાઈએ મને ઊભો રાખી પૂજ્ય શ્રીમોટાને ઓળખાણ આપેલી કે 'આ આપણા રાજેશભાઈ.'

મારા જીવનમાં પૂજ્ય શ્રીમોટાની જે કૃપાસહાય મળી છે અને તેઓશ્રીના અંતેવાસી પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ તરફથી જે સ્નેહ સહાનુભૂતિ અને માર્ગદર્શન મળેલ છે તે માટે તેઓને કોટિ કોટિ પ્રણામ. (પૂર્ણ) ❑

# (૬) પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી - (૧૨)

**શ્રીમોટા**

સદ્‌ભાવથી જ સદ્‌ભાવ પ્રગટે છે. જોકે આપણે સદ્‌ભાવ રાખીએ એટલે સામી વ્યક્તિ સદ્‌ભાવ રાખે જ એવું નથી પણ બનતું. દા.ત., મહાત્મા ગાંધીજી અને કાયદે આઝમ ઝીણા સાહેબ. ગાંધીજી સદાય વિવેકી, સદ્‌ભાવવાળા જ રહ્યા કરેલા છે, પરંતુ સામેથી એવા વર્તનનો જવાબ ન મળ્યા કર્યો તે ન જ મળ્યો.

આપણા હૃદયના સદ્‌ભાવની પાકી ભૂમિકાની ખાતરી આપણે પોતે તો કેમ કરી આપી શકીએ, પરંતુ એવી સ્થિતિ પરત્વેનો આપણને પોતાને આત્મસંતોષ પ્રગટી જવો ઘટે. વળી, આપણે પોતે આપણા તેવા પ્રયત્નમાં પ્રવર્તતાં હોઈએ તેનો તો ખ્યાલ જાગી જવો ઘટે.

કોઈ પરત્વે સદ્‌ભાવ હોય, એટલે સામા જીવના જીવપ્રકારના વલણને ટેકો દેવો જ ઘટે એવું કશું ન હોય. **સદ્‌ભાવ હોવા છતાં અયોગ્ય વલણનો સામનો થઈ શકે છે.** પ્રહ્‌લાદ, ધ્રુવના દાખલા મોજૂદ છે. મીરાંબાઈ પણ મધ્યયુગમાં થઈ ગયાં. જગતના આચારવિચાર એ જ એકમાત્ર સત્ય છે, એવું કશું નથી હોતું. જગતની રાહે ન ચાલનારાઓને, જગતે-સમાજે ત્રાસ આપવામાં, હેરાનગતિ પમાડવામાં ઠીક ભાગ ભજવેલો છે.

જીવનમાં કેટલીક વખત એવી મુશ્કેલીઓ આવે છે, એ મુશ્કેલીઓ આર્થિક કે બીજા કોઈ પ્રકારની હોય-પણ દરેકને મુશ્કેલીઓ આવે છે, આવે છે ને આવે છે. જગતમાં કોઈ બાકી નથી. આવી મુશ્કેલીઓમાંથી નીકળવાનો માર્ગ ખોળવો એ ડાહ્યા માણસનું કામ છે. એમ કરતાં આપણો આત્મવિશ્વાસ વધતો જાય છે.

આપણા દેશમાં એક સારી મોટી સંસ્થા છે. 'સર્વન્ટસ્ ઑફ ઇન્ડિયા સોસાયટી' ગોખલેજીએ એ સંસ્થા શરૂ કરેલી. એના પ્રમુખ શ્રીનિવાસ શાસ્ત્રી હતા. એ ગાંધીજીની વિરુદ્ધમાં લખે કે 'ભાઈ, તમે આ બધી અસહકાર, સત્યાગ્રહ વગેરે રીતો અજમાવો છો, પણ એ બધી તમારી સામે આવશે. જ્યારે એ સામે વપરાશે ત્યારે પંચાત પડશે !'

ગાંધીજીએ એનો જવાબ આપેલો કે 'હું કબૂલ કરું છું કે આ સામે વપરાશે. પણ મને હાલની આ સરકાર સામે થવાનો બીજો રસ્તો સૂઝતો નથી. **આ સરકાર જવી જ જોઈએ એવો મારો દઢ નિશ્ચય છે.** એટલા માટે જ અસહકાર વગેરેના કાર્યક્રમો હું યોજું છું. વર્ષો પહેલાં થયું એનું પુનરાવર્તન થયા જ કરે છે-આવો ઇતિહાસ છે. માટે આપણે જે કંઈ કરીશું એ આપણી સામે આવશે પણ એ બીકથી આપણે કરવાનું ન કરીએ તે બરાબર નહિ. તમે પણ જાણો તો સારું !

શ્રીનિવાસ શાસ્ત્રી બહુ વિચારવંત માણસ હતા. એમનું થિંકિંગ-વિચારવાનું ડીપ-ઊંડું અને સ્પષ્ટ. તેઓ ગાંધીજી વિશે લખે, પણ અદેખાઈ વિના. ગાંધીજી પણ શ્રીનિવાસ શાસ્ત્રીનું લખાણ વાંચતા. કારણ કે શાસ્ત્રી રાગદ્વેષ વિનાના માણસ. મદ્રાસમાં એ માંદા હતા ત્યારે ગાંધીજી ત્રણ વખત મળવા ગયેલા. ગાંધીજી બહુ વિવેકવાળા હતા.

મહાત્માઓનાં જીવનમાંથી પ્રગટેલા તત્ત્વ-જ્ઞાનની-ફિલસૂફીની કદી તુલના કે સરખામણી કરવી યોગ્ય નથી. મહાત્મા પુરુષોનું જીવન અને એમની જીવંત પ્રતિભા-એમનામાં પ્રગટેલું ચેતન-વગેરેની અપેક્ષાએ આપણે તો હજી નર્યા

જીવદશાવાળાં છીએ. એટલે મહાત્માઓને માપવાને મથીએ તે આપણી એક નંબરની મૂર્ખામી છે. આ વાત મારે તમને બધાંને ખાસ ભાર મૂકીને કહેવાની છે. કેટલાયને મેં એમ કહેતા સાંભળ્યા છે કે મહાત્મા ગાંધીએ અમુક અમુક ભૂલો કરી ત્યારે મને થાય કે અલ્યા ! ભલા આદમી તેના જેવું દૈવત તો તું દાખવ. રચનાત્મક દૃષ્ટિથી તું તેમનો દાખલો લે. કેટલાક સ્વજનને જ્યારે આવી બાબતમાં ચર્ચામાં કે વાતચીતમાં ઊતરી પડેલાં જોવાનું બને છે ત્યારે આપણી પામરતાનું ને ક્ષુલ્લકતાનું જ દર્શન કરીએ છીએ. કોઈને મારી તેમના પરત્વેની સમજણ યોગ્ય ન પણ લાગે. પરંતુ મને તો જેવું લાગે છે તેવું લખ્યું છે. પ્રભુકૃપાથી ચેતવું હોય તે ચેતે.

આજે ઘણા રાગદ્વેષ છે. આ ટંટાફિસાદ એટલા બધા વધી ગયા. આ કૉંગ્રેસવાળા પણ માંહોમાંહે પક્ષો પાડીને સમાજને હેરાનગતિ ઊપજાવે છે. સત્યાગ્રહ ભલે કરાવે પણ એમાં નિર્દોષ માણસો બિચારા માર્યા જાય છે. ગાંધીજી એમ કરાવતા, પણ સાથે સાથે એ સમાજમાં ભાવના પણ જગાડતા. જોકે સમાજનાં માથાં એણે ફોડાવ્યાં, લાઠીઓ ખવડાવી, લોકો મરી પણ ગયા, જેલમાં પણ ઘણાં ગયાં, પણ તે કાળે ભાવનાનો જે ધોધ ઊછળતો હતો તે કાળના દિવસો જે કોઈ યાદ કરે તેને મારી વાત સાચી લાગશે. એ ભાવનાનો ધોધ જે તે કાળે ઊછળતો હતો તે આજે નથી. એ ભાવનાની ભૂમિકામાં ગાંધીજીએ આ બધું કરાવ્યું છે.

ગાંધીજી એટલા બધા રાગદ્વેષથી મુક્ત હતા કે એના ભારેમાં ભારે વિરોધીઓની સાથે પ્રેમ કરતા. આ અનુભવની અને સાચેસાચી હકીકત છે. ગાંધીજીએ અસહકારની ચળવળ શરૂ કરી ત્યારે એની બેસન્ટ મદ્રાસથી જે રોજ છાપું કાઢતાં હતાં તેમાં ગાંધીજીની વિરુદ્ધમાં ઘણું બધું આવે. ગાંધીજી એ બધું જોઈ જાય. ઘણાય લોકો કહે કે અરે ! બાપુ, તમે આ બધું શું કરવા વાંચો છો ? બાપુ જવાબમાં કહેતા કે આપણા વિરોધમાં હોય તે બધું પણ જોવું જોઈએ. અનેક વિરોધીઓને પણ ગાંધીજી તક મળે ત્યારે મળતા હતા. એની બેસન્ટની સરકારે જ્યારે ધરપકડ કરી ત્યારે એમને છોડાવવા માટેની તૈયારી ગાંધીજીએ કરેલી. ગાંધીજીના જીવનમાં આવા ઘણાય પ્રસંગો છે. ગાંધીજીના આશ્રમમાં જ તેમના ઘણા વિરોધીઓ હતા. તેઓની સાથેની મુલાકાતમાં બધાના વિરોધ છતાં વધારે સમય આપતા હતા. ગાંધીજીએ એ પ્રત્યક્ષ જીવનમાં વર્તી બતાવ્યું છે. **રાગદ્વેષથી મુક્ત સદ્ભાવ તેઓ રાખતા હતા.** એવી સ્થિતિમાં પ્રજા પાસે અસહકારની ચળવળ કરાવતા હતા. આજે એવા માણસો મળવા દુર્લભ છે. કોઈ નહિ હોય એવું મારું કહેવાનું નથી. ભલભલી પૃથ્વીમાં એવાય રત્નો હશે.

...પણ મારું કહેવાનું એ છે કે એ વખતના જેવો ઊછળતો ભાવ આજે જોવા મળતો નથી. હજારો જુવાન છોકરાં-છોકરીઓએ ત્યાગ કર્યો છે. માથાં ફોડાવ્યાં છે. વળી, તે કાળે પોલીસના ભયંકર અત્યાચારોની સામે સમાજ પણ સામેલ થયેલો છે. હાલમાં જે સત્યાગ્રહ ચાલે છે તેમાં બિચારાં નકામાં નિર્દોષ લોકોને અને સમાજને ઘણી હેરાનગતિ ભોગવવી પડે, પણ સમાજને એનું ભાન નથી. બધા હઈસો હઈસોમાં ઊછળે છે. ઊછળવા દો બધાંને...

'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી', પ્ર. આ., પૃ. ૭૨ થી ❏

# (૭) સૂર્યાગ્નિ : અગ્નિ : સમન્વયદર્શન

**વિનોબા**

અગ્નિ વિશે વેદમાં અનેક મંતવ્ય છે. એક મંત્ર છે-त्वं नो असि भारत ! હે ભારત અગ્ને ! તું અમારો છે. અગ્નિને ભારત એવું કહ્યું છે.

પ્રાચીન કાળમાં યજ્ઞનો સંબંધ અગ્નિ સાથે જોડાયો હતો. અગ્નિ નિર્માણ કરવાની રીત માણસને મળી ત્યારે એના આનંદની સીમા ન રહી. સૂર્ય વગેરે દેવતા પ્રકૃતિ થકી જ મળેલા છે. પણ અગ્નિ દેવને આપણે આપણી કૃતિ થકી મેળવ્યો છે. એટલે એણે ધન્યતા અનુભવી.

માનવી અગ્નિ તરફ આદરભાવથી અને આધ્યાત્મિક દૃષ્ટિથી જોવા લાગ્યો. અન્ન પકવનાર 'ગૃહપતિ', કચરો બાળનાર 'પાવક', ઠંડી નિવારનાર અને રોગ-દુરસ્તી કરનાર 'ભિષક' (વૈદ્ય), આહાર પચાવનાર 'વૈશ્વાનર', કર્મયોગની પ્રતિમા, વૈરાગ્યની મૂર્તિ, પ્રતિજ્ઞાનો સાક્ષી વગેરે અનેક ભાવનાઓ થકી અગ્નિનું એણે ગૌરવ કર્યું.

અગ્નિની જ્વાળા સતત ઉપર ઊઠે છે. જીવાત્માની ઈચ્છા ઈશ્વરને મેળવવાની તડપન માણસને એમાં દેખાણી. એ સમયે 'અસૂર્યપશ્ય' ગાઢ જંગલો જ જંગલો હતા. આવી સ્થિતિમાં વસવાટ કરવા માટે જંગલોને આગ લાગડી ધીમે ધીમે વસ્તી આગળ વધતી હતી. એ રીતે અગ્નિ અગ્રણી, અગ્રગામી બન્યો. આ બધું અગ્નિદર્શન વેદમાં છે.

વ્યુત્પત્તિ શાસ્ત્ર અનુસાર 'અંજ્' (વ્યક્ત થવું, પ્રકાશિત થવું) ધાતુ ઉપરથી અગ્નિ શબ્દ બન્યો છે. આ ઉપરાંત, અગ્નિ પ્રકાશક હોઈ જ્ઞાનસ્વરૂપ પણ મનાય છે. વેદોમાં તેને 'જાત-વેદમ્' કહ્યો છે એટલે કે અગ્નિનો અર્થ થયો વિશ્વરૂપ થકી વ્યક્ત થનાર, વિશ્વનું તત્ત્વ જાણનાર, વિશ્વનો માર્ગદર્શક 'સગુણ સાકાર' પરમેશ્વર.

વસિષ્ઠ ઋષિએ અગ્નિનું વર્ણન दूरेदृशं गृहपतिम्- દૂર જોનારો, રસોઈ પકવનાર ગૃહપતિ તરીકે કર્યો છે. અગ્નિના બે ગુણ પ્રકાશ અને ઉષ્ણતા. પ્રકાશ વ્યાપક છે અને ઉષ્ણતા વિશિષ્ટ છે.

અગ્નિની બે શક્તિ માનવામાં આવી છે. એક 'સ્વાહા' અને બીજી 'સ્વધા'. આ બંને શક્તિ જ્યાં છે ત્યાં અગ્નિ છે. સ્વાહા એટલે આત્માહુતિ દેવાની, આત્મત્યાગ કરવાની શક્તિ અને સ્વધા એટલે સ્વનું ધારણ, આત્મધારણની શક્તિ-સ્વાશ્રય-વૃત્તિ જેને આજકાલ આપણે સ્વાવલંબન કહીએ છીએ. સ્વધા એટલે શરીરનો આધાર શરીર બને. શરીરનું પોષણ શરીરશ્રમથી થાય.

વેદોની જે પહેલી ગુંજ ઊઠી તે અગ્નિની ઉપાસનાની છે. ઋગ્વેદનો પ્રથમ મંત્ર अग्निमिळे पुरोहितं (૧-૧-૧) સામેના અગ્નિની હું ઉપાસના કરું છું. જીવનનાં તમામ ગંભીર કામો અગ્નિની સાક્ષીએ કરવાની વૈદિકોની રીત છે. બે લાકડાંને ખૂબ ઘસતાં જ તે પ્રગટ થાય છે. કોને ખબર પહેલાં એ ક્યાં છુપાયેલો હતો. ચાહે ચૂલાની હોય કે જંગલના દાવાનળની એની જ્વાળાઓ ઉપર તેજસ-સમુદ્ર સૂર્યનારાયણને મળવા નિરંતર ઊછળતી હોય છે. સૂર્ય અંશી છે અને આ જ્વાળાઓ અંશ છે. સૂર્યથી આપણે ઘણાં દૂર છીએ તે વિચાર પણ મનમાં આવતો નથી.

વિશ્વામિત્રની પ્રાર્થના છે. धृतं मे चक्षुः અર્થ છે કે મારી આંખો પવિત્ર છે કોઈ પાપ ગ્રહણ કરવાની શક્તિ તેમાં નથી. ચક્ષુ શબ્દમાં ચક્ષ ધાતુ છે. તે નિર્મળતા-સ્વચ્છતા સૂચક છે. **આંખો જે બોલે છે તે મુખ નથી બોલતું. ગુસ્સો આવે, કરુણા જાગે તો તે આંખ બોલે છે. શબ્દથી અધિક પ્રકાશ આંખ જુએ છે.**

ઈશોપનિષદના આખરી મંત્રમાં ભગવાનની પ્રાર્થના છે. ભગવાનને માર્ગદર્શક અગ્નિના રૂપમાં જોયો છે. જે અગ્નિ આપણામાં રહીને જિવાડે છે,

જે ન રહે તો શરીર ઠંડું પડી જાય, એ જે ગરમી છે તે ઉપાસના માટે ચૈતન્યનો એક સંકિત છે. આ આખરી મંત્રમાં ભગવાનને પ્રાર્થના કરી છે કે હે પ્રભો, અમારા જીવનમાં કોઈ પ્રકારની વક્રતા ન આવવા દે, અમને સીધા રસ્તે લઈ જા. જીવનમાં ક્યાંયે વક્રતાને સહન ન કરીએ. તનથી, મનથી, વાણીથી, ભીતર-બહારથી આપણે સરળ થઈએ.

'અગ્ને નય સુપથા રાયે.' સાધ્ય પવિત્ર હોય તો પછી સાધન મનફાવે તેવું ગમે તે હોય. આવો ભ્રમ ! આદિકાળથી ચાલ્યો આવે છે. તેનું નિવારણ 'સુપથા' શબ્દ કરી રહ્યો છે. સાધનાગત અપવિત્રતા સાધ્યને દુષિત કર્યા વિના નથી રહેતી એવું શાસ્ત્ર છે.

'રૈ' અને 'રયિ' એ બે શબ્દો વેદોમાં વારંવાર આવે છે. મૂળે એક જ શબ્દના બે રૂપ છે. તોપણ અર્થની જુદી જુદી ઘટા છે. 'રયિ' શબ્દનો અર્થ સમૃદ્ધિ થાય છે. રૈ શબ્દ મૂળે આનંદવાચક છે. તેનું જ બીજું રૂપ 'રે' પણ થાય છે. 'રેવા' શબ્દમાં તે જોવા મળે છે. 'રે-વા'અર્થાત્ 'નર્મદા' આનંદ દેનારી, આનંદમયી. બંને રૈ અને રયિ બંને મૂળમાં એક જ હોવાને કારણે, અર્થની બંનેની છટાઓ મેળવીને આનો અર્થ પરમ આનંદ કરવામાં આવ્યો છે.

જીવનનું સાધ્ય 'રૈ'છે નહિ કે ધન. તે અહીં સૂચિત છે. **ઉચિત માર્ગ થકી ધન કમાઈએ તો ધન પણ આનંદનું સાધન બની શકે છે.** પરંતુ લૂંટવાની વૃત્તિથી કમાયેલું ધન સામાજિક અને આધ્યાત્મિક આનંદનો પાયો જ ખોદી કાઢવા સમાન છે. આવી રીતે પેદા કરેલ ધન એ ધન નથી પણ નિધન (વિનાશ) છે.

આધ્યાત્મિક ભાષામાં ઉપનિષદોએ જેને 'વિતૈષણાત્યાગ' કહ્યો છે, તેને સામાજિક ભાષામાં મનુએ 'અર્થશુચિતા'નું નામ આપેલ છે.

સૂર્ય, અનિલ, અગ્નિ એવા શબ્દોના અર્થ કેવી રીતે કરવા. એને ભિન્નભિન્ન દેવતા સમજવા ? તેનો ઉત્તર ખુદ વેદે જ આવી રીતે આપ્યો છે : 'एकं सद विप्राः बहुधा वदन्ति' પરમેશ્વર એક છે. ઉપાસકોએ તેને અનેક નામ દીધાં છે. સંપૂર્ણ પરમાત્મા એક જ અભિવ્યક્તિમાં ન સમાય તેથી ભિન્ન ભિન્ન અભિવ્યક્તિઓનું વિશ્લેષણ કરી પછી તેનું સંશ્લેષણ કરીએ અને છેવટે તેની પાર જઈ 'સોહમ અસ્મિ'ના અનુભવમાં ભળી જઈએ. આ રીતે આ એક પરિપૂર્ણ ઉપાસના-પ્રક્રિયા છે.

વેદાર્થ-મીમાંસાના આચાર્ય જૈમિનિએ અગ્નિવાચક વૈશ્વાનર શબ્દની ચર્ચા કરતી વખતે કહ્યું છે કે વૈશ્વાનર શબ્દના અક્ષરાર્થથી પણ સાક્ષાત ઈશ્વરવાચક સમજવામાં કોઈ આપત્તિ નથી. આ ન્યાયને વ્યાપક રીતે પ્રયોજતાં 'સૂર્ય' અર્થાત્ વાચ્યાર્થથી પ્રેરક પરમેશ્વર, 'અનિલ' અર્થાત્ વ્યાચ્યાર્થથી ચૈતન્યમય પરમેશ્વર, 'અગ્નિ' અર્થાત્ વાચ્યાર્થથી દેદીપ્યમાન માર્ગદર્શક પરમેશ્વર. આમ અહીં વ્યાપક સમન્વય-દર્શન છે.

'ભૂમિપુત્ર', તા. ૧૬-૨-૨૦૧૪માંથી સાભાર સંકલન ❑

### હિંમત-સાહસની કદર

પૂજ્ય શ્રીમોટાના કથન મુજબ સમાજમાં ગુણ અને ભાવનો દુકાળ પ્રવર્તે છે. એટલે સાહસ-હિંમત જેવા ગુણોની કદર કરવાની પૂજ્ય શ્રીમોટાની પ્રણાલી અનુસાર મધ્ય રાત્રિએ એકાદ કિલોમિટર સુધી એકલાએ એક ચોરનો પીછો કરી પકડી પોલીસને હવાલે કરનાર સ્વજન શ્રી જયંતીભાઈ સરવૈયાના પુત્ર શ્રી વિમલભાઈનું હરિઃૐ સત્સંગ મંડળ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ટુવ્હીલર ઉપર જનાર બે યુવતીઓની પાછળ પડી મોબાઈલ આંચકી લઈ નાસી જતા બેત્રણ તોફાની યુવાનોનો પીછો કરી મોબાઇલ પરત મેળવી યુવાનોને પોલીસ હવાલે કરનાર યુવતી કુ. નીતિ રાજેશભાઈ અમીનની પણ આ સંસ્થાએ જાહેર કદર કરી હતી. તા. ૧૦-૮-૨૦૧૪ને રવિવારે આ બંનેનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## (૮) પૂજ્ય શ્રીમોટા સાથેની મારી સોદાબાજી

કરસનભાઈ પટેલ

*શ્રી કરસનભાઈ પટેલ, હરિઃૐ આશ્રમ, સુરત સાથે, ટ્રસ્ટીમંડળના ભાગ તરીકે સક્રિય હતા. અમારી વિનંતીનો તેઓએ સ્વીકાર કરી પૂજ્ય શ્રીમોટા સાથેની તેમની ગૂઢ વિગત શબ્દબદ્ધ કરી છે, જે સાભાર પ્રકાશિત કરાઈ છે. -સંપાદક)*

પૂજ્ય શ્રીમોટાને હું જીવનમાં ફક્ત બે વાર મળ્યો છું ને તેય અલપઝલપ. સ્વ. શ્રી વૈકુંઠભાઈ શાસ્ત્રીની દીકરીનાં લગ્નમાં આશીર્વાદ આપવા પૂજ્ય શ્રીમોટા પધારેલા ને હું શ્રી વૈકુંઠભાઈના ઘરથી ત્રીજા ઘેર રહેતો હતો તેથી મારે તેમની સાથે પરિચય થયેલો ને પરિણામે મને લગ્નમાં પધારવાનું આમંત્રણ મળેલું તેથી પહેલી વાર એમને મળવાનું બન્યું. બીજી વાર શ્રી વૈકુંઠભાઈની ઉધના ખાતેની ફૅક્ટરીનું ઉદ્‌ઘાટન પૂજ્ય શ્રીમોટા કરવાના હતા ને એમાં મને અમૂક ફરજ સોંપાયેલી તેથી હાજર રહેલો. પરિણામે એમનાં દર્શન થયેલાં. આ બે પ્રસંગ સિવાય હું મોટાને ક્યારેય મળ્યો નથી ને આ બેઉ પ્રસંગે મને એમના પ્રત્યે ખાસ કોઈ શ્રદ્ધા ઉત્પન્ન થઈ ન હતી. એનાં બે મુખ્ય કારણ. એક તો પૂજ્ય શ્રીમોટા ભગવાં કપડાંધારી, જટાધારી, રુદ્રાક્ષની માળાઓધારી, ભભૂત લાગેડલા કોઈ જોગી જેવા પ્રભાવશાળી દેખાતા ન હતા. અને બીજું કારણ એ કે મારો ઉછેર ઉત્તર ગુજરાતના ગામડામાં થયેલો. માબાપ ધાર્મિક વૃત્તિવાળાં હોવાથી અવારનવાર ગામમાં આવતા બાવાઓ-સાધુઓ અમારે ઘેર એક બે દિવસ રહે. એમાંના ઘણા વ્યસની, ગંજેરી અને અપલક્ષણવાળા હોય એવું મેં કિશોર વયે જોયેલું. પરિણામે સાધુ-બાવાઓની જમાત સમાજ પર બોજા રૂપ છે એવો મત બંધાઈ ગયેલો. પૂજ્ય શ્રીમોટાને પહેલી વાર મળ્યો ત્યારે અમેરિકાથી ડિગ્રી લઈને સ્વદેશ આવેલો. તે વખતે મારી ઉંમર ૩૦ વર્ષની અને ઉધના સ્થિત એક અમેરિકન કંપનીના મૅનેજર હોવાનું અભિમાન પણ ખરું.

અમેરિકન કંપની છોડી ૧૯૬૯માં મેં ઉધનામાં નાનું કારખાનું સ્થાપી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો ને એમાં ખૂબ આર્થિક માર ખાધો. **મારું બધું અભિમાન ઓસરી ગયું ને આધ્યાત્મિક ખોજ શરૂ થઈ.** એ જ વખતે શ્રી રજનીભાઈ બર્માવાળા જે અમારી અમેરિકન કંપનીમાં કામ કરતા હતા ને જે નોકરી છોડીને હરિઃૐ આશ્રમમાં સેવક તરીકે જોડાયા હતા એમનો રસ્તામાં ભેટો થઈ ગયો. એમના ખૂબ આગ્રહથી, ખાસ ઇચ્છા ન હોવા છતાં હરિઃૐ આશ્રમ પર જહાંગીરપુરા ગયો. આશ્રમનું વાતાવરણ પહેલી જ મુલાકાતે સ્પર્શી ગયું. આથી, અવારનવાર ત્યાં જતો થયો. કોઈ વાર મારાં પત્ની લક્ષ્મીબહેન અને બાળકોને લઈને પણ આશ્રમે જાઉં. કોઈ વાર પૂજ્ય શ્રીમોટા આશ્રમમાં હોય ને પોતાના રૂમના ઓટલા પર બેઠા હોય તો લક્ષ્મીબહેન અને બાળકો એમને પ્રણામ કરવા જાય, પણ હું રસોડા તરફ જાઉં કે આમતેમ આંટા મારું પણ પૂજ્ય મોટાને પ્રણામ કરવા ન જાઉં કારણ કે મને એમના પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ્યો ન હતો.

મુંબઈની એક કંપનીને સિનામાનાં પ્રોજેક્ટર બનાવીને આપવાનો ઑર્ડર મને મળેલો, એટલે અવારનવાર મુંબઈ જવાનું થાય. ત્યાં એકવાર મારા ત્યાંના મિત્ર સાથે વજેશ્વરી જવાનું થયું ને ત્યાં ગણેશપુરી સ્થિત મુક્તાનંદ બાબાના આશ્રમથી અભિભૂત થયો. એ આશ્રમે પછીથી તો ઘણી વાર જવાનું થયું ને ત્યાંના રસોડામાં પૂજ્ય મુક્તાનંદ બાબા સાથે પૂજ્ય શ્રીમોટાનો મોટો ફોટો જોયો.

અરે ! આ તો અમારા મોટા. શું એ એટલા મોટા છે કે જેમને મેં ગુરુ સ્થાને સ્થાપ્યા છે તે શ્રી મુક્તાનંદ બાબા આમ ગળે લગાવે ? સુરત આવી હરિઃૐ આશ્રમે પૂજ્ય મોટાને મળવા ગયો તો જાણ્યું કે એમણે તો ચાર વર્ષ પહેલાં દેહ છોડી દીધો છે. વસવસો થયો. પૂજ્ય શ્રીમોટા લેખિત થોડાં પુસ્તકો ખરીદ્યાં અને વાંચ્યાં. સરળ ભાષામાં કહેવાયેલી અધ્યાત્મની ઊંચી વાતો. જાણે કે રામકૃષ્ણ પરમહંસ ન બોલી રહ્યા હોય. આશ્રમની મુલાકાતો વધતી ગઈ ને મુ. શ્રી નંદુભાઈ અને શ્રી ઝીણાકાકા સાથે સંબંધ ગાઢ થતો ગયો.

ધંધામાં હજુ તકલીફો તો હતી જ પણ જીવન સ્થિર થતું જતું હતું. મેં આપસૂઝથી મેટાલિક યાર્ન સ્લીટીંગ મશીન બનાવેલું. આજકાલ સાડીઓના ભરતકામમાં જે પ્લાસ્ટિક જરી વપરાય છે તે બનાવવાનું મશીન. મશીન કાંઈ એટલું સારું ન હતું પણ ભારતમાં અમે બે જણ જ તે બનાવતા હતા. એક હું અને બીજા સુરતના જ શ્રી સન્મુખભાઈ જરીવાળા. એટલે અમારાં મશીન વેચાતાં હતાં. સન્મુખભાઈનાં વધારે ને મારાં ઓછાં.

આટલી પૂર્વ ભૂમિકા બાંધી હવે પૂજ્ય શ્રીમોટા સાથે મેં જે સોદાબાજી કરેલી એ વાત પર આવું. તારીખ બરાબર યાદ છે. તે હતી ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૧. મારા કારખાના પર આઈ.સી.સી. ગાંધી સિલ્ક મિલ્સના માલિક શ્રી જગુભાઈ જરીવાળા આવ્યા. આવડો મોટો માણસ મારે ત્યાં ? મેં તેમને કહ્યું કે તમે ફોન કર્યો હોત તો હું તમને મળવા આવત. તેઓએ કહ્યું કે મારે કામ છે એટલે મારે તારે ત્યાં આવવું પડે. મારે તારાં બે મેટાલિક યાર્ન સ્લીટીંગ મશીન જોઈએ છે. શું ભાવ અને ક્યારે આપે ? મેં કહ્યું, એક તો તૈયાર છે ને બીજું એક મહિના પછી. ભાવ સવા લાખ રૂપિયા. પણ જગુભાઈ તમે મશીન લેવા નથી આવ્યા. ભાવ કઢાવવા આવ્યા છો. કારણ મને ખબર છે કે તમારે ત્યાં સન્મુખભાઈનાં છ મશીન ચાલે છે. એટલે તમે મારાં મશીન શું કામ લો ? તેઓએ સ્પષ્ટતા કરી કે 'પટેલ, તારી વાત સાચી છે પણ જ્યારે મેં એ છ મશીન લીધેલાં ત્યારે સન્મુખ મારો મિત્ર હતો. હવે એ મારો વેવાઈ થયો છે. મારી દીકરી એના દીકરા સાથે પરણાવી છે. ને પટેલ તું જાણે છે કે મશીન છે તે ભાઈ બગડેય ખરું ને એમાં નાના મોટા ઝઘડાય થાય. હવે એ ઝઘડો મને પોસાય નહિ. કારણ હું ઝઘડો કરું તો મારો જમાઈ મારી દીકરીને દુઃખ દે.' આ વાત મગજમાં બેસે એવી હતી. એમણે બીજા દિવસે લેખિત ઑર્ડર અને એડવાન્સ મોકલી આપવાનું કહી વિદાય લીધી.

એ સાંજે છ વાગ્યે હું હરિઃૐ આશ્રમે ગયો. પગમાં જોર હતું. પૂજ્ય શ્રીમોટાને પગે લાગી નદીની પાળ પર બેઠો. વાતાવરણ શાંત હતું. કોઈની ચહલપહલ ન હતી. અચાનક મને સ્ફુરણા થઈને બોલ્યો, **'મોટા, જગુભાઈ વાત કરી ગયા છે તે મુજબ જો બે મશીનોનો ઑર્ડર ખરેખર આપે તો હું એક મૌનરૂમ બંધાવીશ.'** ક્ષણમાત્રમાં મને એક ઘોઘરો અવાજ સંભળાયો. **'બોલ લાઈન લગાડી દઉં ?'** અવાજ સાંભળી મને આશ્ચર્ય થયું. આજુબાજુ જોયું તો કોઈ ન હતું પણ મને અવાજ સંભળાયો હતો એ સાવ સાચી વાત. ને નવાઈની વાત એ હતી કે એ અવાજ કાનોથી નહોતો સંભળાયો. પણ છાતીમાં જ્યાં અનાહત ચક્ર છે ત્યાં તે સંભળાયેલો ને એના ધબકાર હું હજુય અનુભવી રહ્યો છું. એ અવાજ પૂજ્ય મોટાનો જ હતો કારણ મેં એમને બે વાર સાંભળેલા છે. આશ્ચર્યના ભાવ સાથે ઘેર આવ્યો.

બીજા-ત્રીજા કે ચોથા દિવસેય જગુભાઈનું ઍડ્વાન્સ ન આવ્યું કે ન એમનો ફોન આવ્યો. મને ખાતરી થઈ કે જગુભાઈ મારી પાસે ભાવ કઢાવવા જ આવેલા, મશીનો તો તે સન્મુખભાઈનાં જ લેશે.

પહેલી માર્ચે સવારમાં ઑફિસે પહોંચ્યો તો બે માણસો મારી રાહ જોતા બેઠેલા. અમે મહારાષ્ટ્રમાં

માલેગાંવથી આવીએ છીએ. અમારે તમારું મેટાલિક યાર્ન સ્લીટીંગ મશીન જોઈએ છે. ક્યારે આપો ને ભાવ શો ? ભાવ સવાલાખ રૂપિયા ને ડિલિવરી એક કલાક પછી. પેલાએ બેગ ખોલી સવા લાખ રૂપિયાની નોટોનો ઢગલો મારા ટેબલ પર કર્યો. કહે ગણી લો ને ટ્રાન્સપોર્ટવાળાને ફોન કરી બોલાવો.

બપોર થતાં થતાં બીજો ગ્રાહક મશીન નોંધાવી ઍડ્વાન્સ આપી રવાના થયો. સાંજ પડતાં ત્રીજો ગ્રાહક આવતાં મેં એને પૂછી જ પાડ્યું. 'ભાઈ, વરસમાં માંડ એક ગ્રાહક આવે છે ને આજે તમે ત્રીજા ગ્રાહક છો એનું કોઈ કારણ ?' તો કહે તમે રેડિયો પર બજેટના સમાચાર સાંભળતા લાગતા નથી. ગઈ કાલે ૨૮મી ફેબ્રુઆરીએ બજેટ જાહેર થયું એમાં મેટાલિક યાર્ન પર એક્સાઈઝ ડ્યુટી હતી તે નીકળી ગઈ છે. આથી મારા જેવા વેપારીઓ જે એક્સાઈઝના ઑફિસરોનો ત્રાસ વેઠવા તૈયાર ન હતા તે આ ધંધામાં પડતા નહોતા. હવે બધા ઝંપલાવશે ને તમારે ત્યાં લાઈન લાગશે.

ત્રીજે દિવસે જગુભાઈની પધરામણી થઈ. પટેલ લે આ રૂપિયા ને પેલું મશીન મોકલી આપ ને બીજાં બે મશીન ક્યારે આપે છે તે કહે. જગુભાઈ હવે મશીનની કિંમત દોઢ લાખની થઈ ને ડિલિવરી ત્રણ મહિના પછી મળે કારણ હું મહિને એક મશીન બનાવી શકું છું. થોડાક નારાજ થયા પણ જૂના ભાવે ત્રણ મશીનોનો ઑર્ડર આપીને તેઓ ગયા.

**પછીના દિવસોમાં ગ્રાહકોની રીતસરની 'લાઈન જ લાગી.'** ઘણા પાંચ છ મહિનાની ડિલિવરી સાંભળી ચાલ્યા ગયા, કેટલાકને ભાવ ઊંચો પડ્યો પણ ઘણા જણ ઑર્ડર આપી ઍડ્વાન્સ આપતા ગયા.

હવે મેં મારા કારીગરોની મિટિંગ બોલાવી. જુઓ અત્યાર સુધીમાં આપણે મહિને એક મશીન બનાવતા હતા. હવે તમે ઓવર ટાઈમ કરો, હું માણસો વધારી બીજી પાળી શરૂ કરું ને મહિનાના અંતે જેટલાં મશીન જાય એટલાગણો તમારો પગાર. બે મશીન જાય તો બમણો ને ત્રણ જાય તો ત્રણગણો. ઝાડુવાળાને પણ ત્રણગણો પગાર મળે.

ફેક્ટરી ધમધમતી થઈ, માણસો વધાર્યા. ત્રીજા મહિને તો ત્રણ મશીનો રવાનાં થયાં. વેચાણમાંથી સપ્લાયરોને માલ ડિલિવરી કરે એની સામે જ પેમેન્ટ. પેમેન્ટ કરતાં જે પૈસા વધે તે ઘરના લોખંડના કબાટના ચોર ખાનામાં થપ્પીઓ ભરતો જાઉં. ને એક દિવસ જોયું કે હવે ખાનામાં એકેય થોકડી જાય તેમ નથી ત્યારે **મારાથી બોલાઈ ગયું કે 'મોટા, હવે બસ. હવે આનાથી વધુ ધન નહિ જીરવાય.'**

ને આશ્ચર્ય. બીજે દિવસે ફેક્ટરી પર ગયો પણ આખા દિવસમાં એક પણ ગ્રાહક ન આવ્યો. એટલું જ નહિ આગલા દિવસે મશીન બુક કરી ગયેલા ગ્રાહકે બેલગામથી ફોન કરી ઑર્ડર કૅન્સલ કર્યો. **પાછલાં અગિયાર વર્ષમાં મેં પાંચ મશીન વેચેલાં. આ પાંચ મહિનામાં સોળ મશીન. એક રૂપિયાનું દેવું નહિ ને કબાટનું ખાનું નોટોથી ઠસોઠસ.**

મોટાની સાથેના મારા સોદાનો પૂર્વાર્ધ પૂરો થયો. હવે મારે શરત મુજબ મૌનરૂમ બાંધી આપવાનો હતો. પણ શ્રી નંદુભાઈ માને જ નહિ. આખરે મારે એમને મારી મોટા સાથેની એક્સચેન્જ ઑફરની વાત કરવી જ પડી. તેઓ હસ્યા ને ખૂબ વિનવણીને અંતે મૌનરૂમ બાંધવાની મને રજા મળી. **મૌનરૂમ નંબર ૨નું સર્જન આ રીતે થયું.**

મોટા પાસે મેં પૈસા એટલા માટે માગેલા કે મારે ગામડામાં જમીન ખરીદી ત્યાં ઘર બાંધી રહેવું હતું. હાલમાં સુરત પાસે જે ૨૧ વીઘા જમીન ઉપર મુક્તાનંદ ફાર્મમાં મારું ઘર છે તેની ખરીદી મોટાએ લગાડેલી લાઈનના પૈસાથી કરાઈ છે. એની કિંમત ચૂકવી ને દસ્તાવેજ કર્યા પછી કબાટના પેલા ખાનામાં હાથ પહોંચે ત્યાં સુધી ફંફોસી જોયું તો ફક્ત પાંચ રૂપિયાની નોટ નીકળી જે અગાઉ મેં જ મૂકેલી હતી.

પૂજ્ય મોટાનો કેવો પાકો હિસાબ ? જમીન માટે મને કેટલા રૂપિયા જોઈશે તેની મને ખબર

નહિ ને ખાનામાં કેટલા ભર્યા છે એની પણ મને ખબર નહિ પણ મોટાને બધી ખબર. એટલે યોગ્ય સમયે લાઇન સ્વિચ ઑફ કરી દીધી ને આવેલો ઑર્ડર પણ કૅન્સલ કરાવ્યો.

સંતની સમક્ષ જે બોલો તે એકેએક શબ્દ વિચારીને બોલો ને જે બોલો તે પાળી બતાવો. **સંત ભોળપણ ચલાવી લે, મૂર્ખામી ચલાવી લે, પણ ચાલાકી ક્યારેય નહિ. હરિઃૐ** ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | દંપતી શ્રીમતી ગીતાબહેન અને શ્રી કાર્તિકેય અમીન (જ્ઞાનદાન) | અમેરિકા | ૧૧,૧૧૧/- |
| ૨. | પૂજ્ય શ્રી કૃષ્ણાનંદજી મહારાજ (ભાદરણવાળા)ની પુણ્યતિથિ (૩-૮) નિમિત્તે એક સ્વજન (ગતાંકની વિગતે) | સુરત | ૫,૦૦૧/- |
| ૩. | ઊર્મિલાબહેન જે.દલાલ ૮૯મા જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૪. | સ્મિતાબહેન મૂકેશ શાહ | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૫. | ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૧,૨૦૦/- |
| ૬. | લતાબહેન દિનેશચંદ્ર સાદડીવાળા | સુરત | ૧,૧૦૦/- |
| ૭. | રંજનબહેન દોલતસિંહ સોલંકી | મેલા-વાલિયા | ૧,૦૦૧/- |
| ૮. | સદ્ગત માતાપિતા ચંપાવતીબહેન અને મનમોહન કીકાભાઈ પાનવાળાના સ્મરણાર્થે હસ્તે હેમંતભાઈ પાનવાળા | સુરત | ૧,૦૦૧/- |
| ૯. | ધર્મપત્ની વિમળાબહેનના ઢીંચણના સફળ ઑપરેશન નિમિત્તે હસ્તે મનુભાઈ ચતુરભાઈ પટેલ | કરમસદ | ૧,૦૦૧/- |
| ૧૦. | માતુશ્રી વિદ્યાબહેનના દેહાંત (૨૫-૯-૧૯૯૫)ના સ્મરણાર્થે હસ્તે જયેશ ચંદુલાલ જોષી | મણિનગર | ૧,૦૦૧/- |
| ૧૧. | પુત્ર ચિ. વ્રજના જન્મદિન (જન્માષ્ટમી) નિમિત્તે હસ્તે રાજીવ જિતેન્દ્ર જરીવાલા | સુરત | ૧,૦૦૧/- |
| ૧૨. | ખુશી અંકુરભાઈ ઠાકોર | સુરત | ૫૦૨/- |
| ૧૩. | અમિત સુધીરભાઈ દલસાણીયા | સુરત | ૫૦૧/- |
| ૧૪. | એક સ્વજન જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૫. | રાજેન્દ્ર રામક્રિષ્ણ શુકલ | વડોદરા | ૫૦૧/- |
| ૧૬. | જ્યોતિબહેન વિનયભાઈ માસ્તર | સુરત | ૫૦૧/- |
| ૧૭. | મીનાક્ષીબહેન બી. શ્રોફ | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૮. | વી. આર. ભટ્ટ | મુંબઈ | ૪૦૦/- |
| ૧૯. | ચિ. હર્ષના જન્મદિન (૧૨-૧૦) નિમિત્તે હસ્તે ડૉ. રમેશભાઈ ચતુરભાઈ પટેલ | અમદાવાદ | ૨૫૧/- |
| ૨૦. | શાલ્મીબહેન ભરતકુમાર ઠાકોર જન્મદિન (૧૬-૮) નિમિત્તે | નરોડા | ૨૫૧/- |
| ૨૧. | દર્શનાબહેન કાપડીઆ | સુરત | ૨૫૦/- |
| ૨૨. | રણજિતભાઈ આઈ. પોસ્ટીવાલા | સુરત | ૨૦૧/- |
| ૨૩. | પુષ્પાબહેન કનૈયાલાલ પટેલ | અમદાવાદ | ૧૫૧/- |
| ૨૪. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

# (૯) વિચાર પ્રક્રિયા

**શ્રીમોટા**

**શ્રી રમણભાઈ :** મોટા, આ જે વિચાર કરવાની પ્રોસેસ-(પ્રક્રિયા) છે, એ બાબતમાં આપે કહ્યુંને કે અનુભવીને વિચાર ના હોય, એટલે કોઈ જાતના સંસ્કાર ન પડે એવી જાતના વિચાર હોય ? અનુભવીને પણ અમુક જાતના વિચાર તો થાયને ?

**શ્રીમોટા :** એ હું સમજાવું તમને. જ્યાં સુધી આપણે પ્રકૃતિમાં છીએ ત્યાં સુધી આપણું સ્થૂળ શરીર છે, સ્થૂળ ચિત્ત છે. તે અનેક પ્રકારના સંસ્કારો ગ્રહણ કર્યે જાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ એ બધાંથી જે કંઈ થયું તે બધું જ ચિત્તમાં સંઘરાઈ જાય છે. એ સંસ્કારો ઉદય વર્તમાન થાય એનું નામ ટેન્ડન્સી-વલણ, એ પ્રમાણે આપણી ગતિ થાય.

અનુભવીને શરીર તો છે જ. એટલે પ્રકૃતિ પણ હોવાની. પણ **આપણે પ્રકૃતિના ગુલામ છીએ. અનુભવીને પ્રકૃતિ માધ્યમ છે. આપણામાં પ્રકૃતિ મોખરે છે જ્યારે અનુભવીને પ્રકૃતિ માધ્યમ છે.** એ કામ, ક્રોધ વગેરેથી પ્રેરાયેલો હોતો નથી. એટલે એને એ પ્રકારના સંસ્કાર પડતા નથી. અનુભવી પ્રકૃતિથી મુક્ત. જેમ ધારે એમ પ્રકૃતિને વાપરી શકે. જેમ આપણે પાંચ-દસ લાખ રૂપિયાના માલિક છીએ તો ધારીએ એ પ્રમાણે એનો ઉપયોગ કરી શકીએ. ઉપયોગમાં સ્વામીત્વ-માલિકીપણાની સમજ છે અને ઉપભોગમાં ગુલામીની સમજ છે.

આ ઉપરાંત, અનુભવીના સંસ્કાર દગ્ધબીજ હોય છે. ઘઉં શેકેલા હોય તો ઊગી શકે નહિ. એની જેમ પ્રકૃતિ ડોર્મન્ટ-સુપ્ત હોય એટલે પ્રકૃતિના ગુણધર્મ ત્યાં ન હોય.

પ્રકૃતિમાં પ્રોસેસ ઑફ થિંકિંગ હોય છે જ્યારે અનુભવીમાં તેવું નથી હોતું. આપણે વિચાર પ્રક્રિયામાં એક પછી એક લીન્ક-કડી આવે છે. એક વિચાર આવ્યો કે પત્યો ત્યાં એ વિચારને મળતો કોરસ્પોન્ડીંગ બીજો પછી ત્રીજો એમ વિચારોની પરંપરા ચાલે છે. જ્યારે અનુભવીને વિચારોની પરંપરા હોતી નથી.

આપણે એક કામ કરવાનું આવ્યું તો તે અંગે અનેક વિચારો આવશે. કેવી રીતે એ કરું તો ઉત્તમ થાય-એનું ફળ શું આવશે વગેરે પ્રોસ એન્ડ કોન્સ-એના બધાય પાસાંના વિચારો આવશે. અનુભવીને એક કામ આમ કરવાનું છે એ નક્કી થઈ જાય છે. સ્વયંપણે સ્ફુરે, કોઈને સમજાવવાને માટે ભલે એ વિશે બધું બોલે બાકી સ્વયંમેળે જ્યાં નિમિત્ત હોય ત્યાં સ્પોન્ટેનિયસલી એકાએક ફૂટી નીકળે. એને વિચાર બિચાર ન હોય.

આપણે એક કર્મ કરતાં કરતાં અનેક કર્મ ઊપજાવીએ છીએ. એક કર્મ ભોગવતાં ભોગવતાં અનેક કર્મો ભોગવવાનો મસાલો ચિત્તમાં આપણે ઉમેરી દઈએ છીએ. એટલે કોઈ દિવસ એનો અંત જ ના આવે. અનુભવી સ્પર્શેલો-તદ્રૂપ હોવા છતાં નોખો હોય છે. એને કંઈ કશું વળગતું નથી.

એક જણે મને પૂછ્યું કે મોટા તમે આ તો પરસ્પર વિરોધી વાત કરો છો. વળગેલો હોવા છતાં નોખો-એ કેમ બને ? મેં એને સમજાવ્યું કે આ વીજળીના તારમાં સમારકામ કરનાર હાથે રબરનાં મોજાં પહેરી રાખે છે, એટલે એ તારને અડકેલો હોવા છતાં નોખો હોય છે ત્યારે કહે હા, મોટા, વાત બરાબર છે.

અનુભવી પુરુષોની સ્થિતિ એવી હોય છે કે કામક્રોધાદિ, લોભમોહાદિ રીતે તદ્દન સંપૂર્ણ રીતે **(અનુસંધાન પૃ. ૨૫ પર)**

## (૧૦) ‘વિશ્વકોશ ટ્રસ્ટ’ના મા. પ્રમુખશ્રી શ્રેણિકભાઈની ચિર વિદાય

કુમારપાળ દેસાઈ

(પૂજ્ય શ્રીમોટાના ગુજરાતી ભાષામાં વિશ્વકોશના સંકલ્પને સાકાર કરનાર સંસ્થા ‘વિશ્વકોશ ટ્રસ્ટ’ના સ્થાપક પ્રમુખશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ અંગે એ ટ્રસ્ટના મુખપત્ર ‘વિશ્વવિહાર’ના જુલાઈ, ૨૦૧૪ના અંકમાં ‘સત્ત્વશીલ માર્ગદર્શકની વિદાય’નો ડૉ. કુમારપાળ દેસાઈનો લેખ પ્રકાશિત થયો છે. પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને એની જાણકારી થાય એ હેતુથી એ સાભાર પ્રકાશિત કરીએ છીએ. -**સંપાદક**)

શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના અવસાનથી ગુજરાતની ભવ્યોજ્જ્વલ મહાજન-પરંપરાનો અસ્ત થયો હોય એવી અનુભૂતિ થાય છે. ગુજરાત ‘વિશ્વકોશ ટ્રસ્ટ’ના સ્થાપનાકાળથી એના પ્રમુખ તરીકે કાર્યરત એવા શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ આ સંસ્થાના વિકાસમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. ગુજરાતી ભાષામાં વિશ્વકોશ કરવાની પ્રવૃત્તિનો પ્રારંભ થયો, ત્યારે વીસનગરના કર્મયોગી અને ગાંધીવાદી લોકસેવક શ્રી સાંકળચંદભાઈ પટેલ, મુરબ્બી શ્રી ધીરુભાઈ ઠાકર અને હું ૧૯૮૪ની એક સાંજે શ્રેણિકભાઈને મળવા માટે પાનકોરનાકાને વંડે આવેલી એમની ઑફિસે ગયા. અમારી ઇચ્છા હતી કે શ્રેણિકભાઈ આ સંસ્થાના ટ્રસ્ટી બનીને એનું પ્રમુખપદ શોભાવે. સાંકળચંદભાઈ પટેલે એમની લાક્ષણિક ઢબે શ્રેણિકભાઈને ‘શેઠ’ શબ્દથી સંબોધીને વાત કરી. જોકે વીસનગરના સમગ્ર વિસ્તારમાં સાંકળચંદભાઈ પટેલને લોકો ‘શેઠ’ તરીકે ઓળખતા હતા ! ધીરુભાઈએ જ્ઞાનસાધન તરીકે ગુજરાતી વિશ્વકોશના મહત્ત્વ વિશે કહ્યું અને શ્રેણિકભાઈએ એમની શૈલી મુજબ સંસ્થાની આર્થિક સ્થિતિની જાણકારી માગી.

અમે કહ્યું કે અમારી પાસે હાલ તેર લાખ રૂપિયાનું ભંડોળ છે. એમણે વળતો સવાલ કર્યો, ‘આ કામ પૂરું થાય ત્યાં સુધીમાં કેટલી રકમની જરૂર પડે ?’

‘અંદાજે પોણા ત્રણ કરોડ.’

અને શ્રેણિકભાઈ એકદમ બોલી ઊઠ્યા, ‘થાય નહિ. અશક્ય. **તમે તો રેતીમાં વહાણ ચલાવવા નીકળ્યા છો !’**

એમની સાથેના આત્મીય સંબંધને કારણે મેં જરા હળવાશથી કહ્યું, ‘શ્રેણિકભાઈ, આપ પાણીમાં ચાલતા વહાણમાં બેઠા છો, હવે એકાદ વખત આ રેતીમાં ચાલતા વહાણમાં પણ બેસો તો ?’

એમના મનમાં હજી દ્વિધા પ્રવર્તતી હતી. ધીરુભાઈએ એમના પિતાશ્રી કસ્તૂરભાઈ લાલભાઈનું જીવનચરિત્ર **‘પરંપરા અને પ્રગતિ (૧૯૮૦)’** લખેલું હોવાથી ધીરુભાઈ પ્રત્યે શ્રેણિકભાઈને સાહજિક આદર અને અહોભાવ હતો. મારા પિતાશ્રી જયભિખ્ખુ તથા એમના ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ સાથેના સંબંધને કારણે અને ઘણી સંસ્થાઓ અને કાર્યક્રમોમાં એમની સાથે હોવાને લીધે મારા પ્રત્યે સ્નેહ હતો. આથી, અંતે એમણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું પ્રમુખપદ સ્વીકાર્યું.

ટ્રસ્ટ તો સ્થપાયું, પણ વિશ્વકોશનું નિર્માણ ક્યાં કરવું ? એનું કાર્યાલય ક્યાં ? નવાસવા ‘વિશ્વકોશ ટ્રસ્ટ’ પાસે કોઈ જગા ન હતી કે માતબર રકમનું ભંડોળ ન હતું. એ સમયે શ્રેણિકભાઈએ સૂચવ્યું કે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સની હૉસ્ટેલના કંપાઉંડમાં હૉસ્ટેલમાં રહેલા વિદ્યાર્થીઓની ‘મૅસ’ હતી. હૉસ્ટેલ

હોવાથી વર્ષોથી રસોઈઘર પણ બંધ પડ્યું હતું. શ્રેણિકભાઈએ એ મકાન અમને આપ્યું. એના મોટા ચૂલાઓ અમે માટીથી પૂર્યા. ભીંત પરનાં ગાબડાંમાં પ્લાસ્ટર કરાવ્યું, રંગરોગાન કરાવ્યાં. ગુજરાતના પીઢ ગાંધીવાદી સામાજિક કાર્યકર શ્રી સાંકળચંદભાઈ પટેલ વીસનગરથી મજૂરો લઈને આવ્યા અને મકાનની બાજુમાં ટૉઇલેટ વગેરે તૈયાર કરાવ્યાં.

આ મકાન અમને મળ્યું, પણ એની સાથોસાથ શ્રેણિકભાઈએ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને કેટલીક બાંયધરી લખીને આપવાનું કહ્યું. બંને સંસ્થાઓને સમાન ગણીને ક્યાંય કોઈને સહેજે અન્યાય ન થાય, એ માટેની ચીવટ આ લખાણમાં નજરે પડી.

**૧૯૮૫ની ૨જી ડિસેમ્બરે આ મકાનમાં ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિનો પ્રારંભ થયો.** ૧૯૮૬ની ૨૭મી માર્ચે વિશ્વકોશના આ મકાનમાં શ્રેષ્ઠીવર્ય શ્રેણિકભાઈના પ્રમુખપદે સંસ્થાની પ્રથમ મિટિંગ યોજાઈ. એ સમયે ગજ્જર હૉલમાં અમે વિશ્વકોશના ગ્રંથોનો વિમોચન સમારોહ યોજતા હતા. આ બધા પ્રસંગોએ શ્રેણિકભાઈ આવે, વિશ્વકોશની પ્રવૃત્તિનો ખ્યાલ આપવાની સાથોસાથ સંસ્થાના પ્રમુખ તરીકે સહુનું સ્વાગત કરે. **એ હોય એટલે કાર્યક્રમ સમયસર શરૂ થાય. વળી, કાર્યક્રમ પૂર્ણ થયે તરત બે હાથ જોડીને વિદાય લઈ લે.**

શ્રી શ્રેણિકભાઈએ જુદાં જુદાં ટ્રસ્ટોમાંથી આપેલી સહાયને પરિણામે ગુજરાતી વિશ્વકોશનો ત્રીજો ખંડ ગુજરાતની અસ્મિતાના ધારક શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તૂરભાઈ લાલભાઈને સાદર સમર્પિત કરવામાં આવ્યો. એ સમયે આ ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે કર્યું હતું.

સંસ્થાનો ઑડિટેડ રિપોર્ટ ફાઇનલ કરતાં પહેલાં દર વર્ષે શ્રેણિકભાઈને મોકલતો હતો. એ સાથે જણાવતો કે તેઓ કહે ત્યારે હિસાબનીશ એમને મળી જાય. 'અક્ષય'ની ઑફિસમાં હિસાબનીશો જતા અને શ્રેણિકભાઈ એમની પાસેથી વિગતો માગતા, એટલું જ નહિ, પણ જરૂર હોય તો ઑડિટર સાથે વાત પણ કરતા. આને કારણે બનતું એવું કે ટ્રસ્ટની મિટિંગમાં ઑડિટેડ એકાઉન્ટ પસાર કરવાનું કામ થોડી મિનિટોમાં જ પૂર્ણ થઈ જતું અને એ પછી સંસ્થાના ભાવિ વિકાસના કાર્યક્રમોની ચર્ચા કરતા.

સંસ્થાની મિટિંગ હોય ત્યારે હંમેશાં દસેક મિનિટ વહેલા આવે, સમયસર કાર્યવાહી શરૂ થાય. મુખ્ય મુદ્દાઓ પર વાત કરે, સંસ્થાની આર્થિક સમીક્ષા કરે, એની મુશ્કેલી હોય તો એમાં માર્ગ ચીંધે. **માળી જેમ બગીચાની માવજત કરે, તે રીતે તેઓ સંસ્થાની માવજત કરતા હતા.** વિશ્વકોશ સંસ્થાના પ્રારંભે એમણે પહેલી વાત એ કરી કે 'મેઇન્ટેનન્સ ફંડ'માં સારી એવી રકમ મૂકી દો, જેથી ભવિષ્યમાં સંસ્થાને રોજિંદાં કામોમાં મુશ્કેલી ન પડે. એમની આ સલાહ અમારે માટે 'સોનેરી' સિદ્ધ થઈ.

સંસ્થાને માટે લાગણી પણ એટલી જ ! નિરાશાજનક પરિસ્થિતિ હોય, તો એનો સ્વીકાર કરે, પણ નકારાત્મક અભિગમ ક્યારેય નહિ. એને માટે ઉપાયો બતાવે અને જરૂર પડ્યે પોતે એમાં મોખરે રહે. એને માટે જરૂર પડે સમય આપે. લીધેલું કાર્ય પૂર્ણ થયે જ એમને નિરાંત થતી. એ માનતા કે ભલે સમય આપણો હોય, પણ તે બીજા માટે છે. કર્મ કે ઋણાનુબંધ ગમે તે હશે, પણ આપણે કર્તવ્ય તો નિભાવવાનું છે. હિસાબ પાઈનો બક્ષિસ લાખની એ શ્રેણિકભાઈમાં જોવા મળતું. એકવાર એમને એક પત્ર મોકલ્યો. એમાં એમને લખેલા પત્રની પાછળ એક કોરો કાગળ રહી ગયેલો. તરત જ એમનો ફોન આવેલો કે લખેલા પત્રની પાછળ એક કોરો કાગળ કેમ છે ?

સંસ્થાની મિટિંગ સમયે એમની નાની સેન્ટ્રો કારમાં ડ્રાઈવરની સીટ પાસે બેસીને આવતા. પચીસ-ત્રીસ મિનિટમાં તો મિટિંગ પૂર્ણ થઈ જતી. **આ મિટિંગ દરમિયાન નાસ્તો તો શું, પણ ચા પીવાનીય વાત નહિ.** મુદ્દાઓ પૂરા થાય એટલે બે હાથ જોડીને ખુરશીમાંથી ઊભા થઈને સહુની રજા લે. એમને આવકારવા માટે કોઈ બહાર ઊભું રહે તે ન ગમે અને એ જ રીતે એમને વિદાય આપવા માટે છેક સુધી કોઈ મૂકવા આવે તે પણ પસંદ નહિ.

ઉસ્માનપુરા વિસ્તારની આશરે ૨૭૨૬ વાર જમીન ટ્રસ્ટને મળી શકે તેમ હોવાથી શ્રી શ્રેણિકભાઈએ અંગત રસ લઈને એ જમીન સંપાદિત કરવા માટે મને પ્રયત્ન કરવા કહ્યું. કલેકટરથી માંડીને છેક નાણામંત્રી સુધી સહુને મળ્યા. સંસ્થાને આવી મોકાની જમીન મળી, તેમાં શ્રેણિકભાઈનો સિંહફાળો રહ્યો. એ વિશાળ જમીન પર વિશ્વકોશ ભવનનું નિર્માણ થયું અને એના નામકરણનો વિચાર ચાલ્યો, ત્યારે અમે સહુએ એનું નામ 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિશ્વવિદ્યા સંકુલ' રાખવું એવું નક્કી કર્યું. શ્રેણિકભાઈએ એને માટે ઉદારતાથી સહાય પણ આપી.

૧૯૯૪ના ડિસેમ્બર મહિનામાં ગુજરાત સમાચારના 'ઈંટ અને ઈમારત' કૉલમમાં શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિશે એક લેખ લખ્યો અને લખ્યું કે કસ્તૂરભાઈની જન્મશતાબ્દીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. કસ્તૂરભાઈનો જન્મ ૧૮૯૪ની ૧૯મી ડિસેમ્બરે થયો હતો. શ્રેણિકભાઈનો ફોન આવ્યો કે હજી પપ્પાની જન્મશતાબ્દીને તો વાર છે. મેં વિનમ્રતાથી કહ્યું કે ના, નવ્વાણું વર્ષ પૂરાં થયાં છે અને એકસોમું વર્ષ શરૂ થયું છે. અને પછી એમને સૂચન કર્યું કે આ જન્મશતાબ્દી નિમિત્તે ગુજરાત 'વિશ્વકોશ ટ્રસ્ટ'માં 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી'નો પ્રારંભ કરીએ, જેના દ્વારા ઉમદા ગ્રંથો પ્રગટ થાય. એમણે મારું સૂચન સ્વીકાર્યું. પાંચ લાખ રૂપિયાનું દાન મોકલી આપ્યું. આજે 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ગ્રંથશ્રેણી' દ્વારા બાર જેટલા ગ્રંથો પ્રગટ થઈ ચૂક્યા છે અને તે પ્રવૃત્તિ અનવરત ચાલુ છે.

છેલ્લાં વર્ષોમાં ઘણી સંસ્થાઓમાંથી એમણે નિવૃત્તિ લીધી. વિશ્વકોશમાં આવે એટલે અમને કહે કે મેં મોટા ભાગની સંસ્થાઓમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. અહીંથી પણ તમે મને નિવૃત્ત કરો. હવે પંચાસી વર્ષ થયાં.

આ સાંભળતાં જ ધીરુભાઈ બોલી ઊઠે, 'મને નેવું થયાં. નિવૃત્તિનું નામ ન લેવાય !' અને શ્રેણિકભાઈ જીવનપર્યંત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રમુખપદે રહ્યા. ૨૦૧૪ની ૨૪મી જાન્યુઆરીએ શ્રી ધીરુભાઈ ઠાકરનું અવસાન થયું. એમના સ્મૃતિગ્રંથ 'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશન' માટે ધીરુભાઈ વિશે એક લેખ માગ્યો અને એમણે પિતાશ્રીના જીવનચરિત્રના લેખક તરીકે અને વિશ્વકોશના શિલ્પી તરીકે ધીરુભાઈ ઠાકરને અંજલિ આપી અને અંતે લખ્યું, 'આજે ભલે તેઓ આપણી વચ્ચે નથી, પણ વિશ્વકોશની પ્રવૃત્તિની જલતી મશાલ આપણને સદાય એમનું પુણ્યસ્મરણ કરાવતી રહેશે.'

શ્રી શ્રેણિકભાઈએ ધીરુભાઈ વિશે અંતે લખેલું વાક્ય એમને માટે પણ એટલું જ યથાર્થ છે. છેલ્લા એકાદ વર્ષથી શ્રેણિકભાઈએ બીમારી ભોગવી. એમના અવસાન પૂર્વે થોડા દિવસ અગાઉ એમને મળવા ગયો, ત્યારે એમણે વિશ્વકોશની પ્રવૃત્તિની સઘળી વિગત પૂછીને સાહજિક પ્રસન્નતા વ્યક્ત કરી. શારીરિક વેદના હોવા છતાં ઉલ્લાસભેર કલાકેક વાત કરી. રોગનો એમના પર કોઈ ભાર નહોતો. શારીરિક પીડાની પરેશાનીનો કોઈ

અણસાર નહોતો. એમણે તો એમની હૃદયસ્થ ધર્મભાવના પ્રમાણે કહ્યું, **'હું મારાં કર્મોની નિર્જરા કરી રહ્યો છું.'** એમનો જીવનદીપ બુઝાતો હતો, ત્યારે સેવા-શુશ્રૂષામાં ખડે પગે રહેલાં અંગત સ્વજનોને ખંડની બહાર ચાલ્યા જવા ઈશારો કર્યો. પોતાની વેદના પોતે ભોગવવા ચાહતા હતા. એ નિહાળીને આપ્તજનો દુ:ખી થાય તેવું ઈચ્છતા ન હતા.

શ્રેણિકભાઈના જીવનનાં અનેક પાસાં છે. સવાલ એ જાગે કે **એ ધનાઢ્ય પરિવારના શ્રેષ્ઠી હતા કે પછી આંતરસમૃદ્ધિથી છલોછલ ભરેલા સંત હતા !** દૃષ્ટાંતરૂપ નમ્રતા, પ્રામાણિકતા અને નિખાલસતા ધરાવતા શ્રેણિકભાઈની શ્રીમંતાઈ એમની નમ્રતાને સહેજે ઝાંખી કરી શકી ન હતી. સમાજ પ્રત્યેની એમની ચાહના પર ક્યારેય અંગત માન-મરતબો પ્રભાવ જમાવી શક્યાં નહિ. પોતાને કાજે ઓછામાં ઓછું અને પારકાંને કાજે સઘળું, એવી ભાવના ધરાવનારે ન્યૂનતમ જરૂરિયાતોથી સાત્ત્વિક જીવન વ્યતીત કરીને ઉત્કૃષ્ટ નીતિમત્તા અને ઉચ્ચ મૂલ્યો સાથે જીવનનાં અનેક ક્ષેત્રોને ઉજાસ પૂરો પાડ્યો.

શિક્ષણની સંસ્થા હોય કે ઉદ્યોગનું સુકાન હોય, સામાજિક ઉત્થાનનું કાર્ય હોય કે પછી ધર્મ સંસ્થાઓની આગેવાની હોય-આવાં તદ્દન વિભિન્ન ક્ષેત્રોમાં એમની પ્રતિભાએ અપૂર્વ સાતત્યથી કાર્ય કર્યું. ક્ષેત્ર જુદું હોય, એના પડકાર સર્વથા ભિન્ન હોય, સંજોગો અને પરિસ્થિતિ સાવ નોખાં હોય તેમ છતાં નીતિ, સચ્ચાઈ અને સ્નેહના પોતીકા માર્ગે ચાલીને એમણે સંસ્થાઓને ઉમદા રાહબરીનો આદર્શ આપ્યો.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને એમની આવી ઉમદા રાહબરીનો લાભ પ્રાપ્ત થયો એ આ સંસ્થાનું કેટલું મોટું સદ્ભાગ્ય કહેવાય !

'વિશ્વવિહાર', જુલાઈ, ૨૦૧૪ માંથી સાભાર ❑

**(અનુસંધાન પૃ. ૨૧નું ચાલુ)**

તદ્રૂપ થઈ ગયા હોય છતાં પણ તેઓ તેનાથી નોખા હોય. એવું નિમિત્ત મળે તો સાબિતી આપી શકાય. આ પ્રયોગાત્મક છે.

અમારા બધા સાધુ સંન્યાસીઓ કહે છે કે, 'અનુભવને વળી પ્રયોગ કેવો ?' પણ એવું નથી. એ વાત પ્રયોગાત્મક છે. સાબિત કરી શકાય તેમ છે. વેદના વખતે તો ભજન લખી શકું. ઘણી વાર એવું થતું. મને ઑપરેશન માટે લઈ ગયેલા. ત્યારે કાંટાવાળાને કહેલું, 'લખો આ.' એમણે એ પુસ્તકના બે બોલમાં આ વાત લખી છે. એ તો બધાંનાં દેખતાં મેં કરેલું છે.

મારા વિશે તો મારાથી કહેવાય નહિ. પણ મેં મારા ગુરુમહારાજને એક જ વખતે અનેક સ્થળે જોયા છે. એમની હાજરી હોય છે. એક વખતે જંગલમાં હું સિંહ સાથે સૂતેલો-ગિરનારમાં-ત્યાં તેઓશ્રી હાજર થયેલા. નડિયાદના સ્મશાનમાં સૂતો હતો ત્યારે પાંચ-સાત વાર પધારેલા. મારી સાથે વાતચીત કરતા ત્યારે બીજે ઠેકાણે પણ એમની હાજરી હતી. એમનું શરીર જ્યારે જીવતું હતું તે દરમિયાન બનેલું. મારા મિત્ર ભગવતપ્રસાદ પણ ત્યાં ગુરુ પાસે હતા ત્યારે નડિયાદના સ્મશાનમાં મારી સાથે જે વાત કરતા એ જ હકીકત ત્યાં બોલતા-તે મારા મિત્રે પોતાની નોંધમાં આ બધું લખી રાખેલું. તા. ૧૨-૬-૧૯૭૪

'શેષવિશેષ', પ્ર. આ., પૃ. ૪ ❑

॥ હરિ:ૐ ॥

(અનુષ્ટુપ)

**જેનામાં ભાવ ઊગ્યો છે,**
**તેને પ્રકાશ સાંપડે,**
**પ્રકાશે ઓળખાયે સો,**
**'પ્રકાશ' શી કૃપા ખરે !**

તા. ૨૨-૧૨-૧૯૭૪ **મોટા**

## (૧૧) જન્મદિનનું મહત્ત્વ

**શ્રીમાતાજી**

'મારા બાળક, આપણે અહીં દરેકને એના જન્મદિવસે 'Bonne Fete' ('બોન ફેત') કહીએ છીએ એનો અર્થ તને ખબર છે ?

'હા, દરેકના જીવનનો એ વિશિષ્ટ દિવસ હોય છે, વર્ષના એવા ખાસ દિવસોમાંનો તે એક દિવસ હોય છે, જ્યારે પરમ તત્ત્વ આપણી અંદર ઊતરી આવે છે-અથવા આપણો આત્મા અનંત તત્ત્વની સન્મુખ આવે છે. જન્મદિનના દિવસે આપણો આત્મા પરમાત્માના સંપર્કમાં આવે છે અને જો આપણે જરા એવા સભાન રહીએ તો આપણી અંદર એ અનંત તત્ત્વની હાજરીનો અનુભવ કરી શકીએ છીએ. આ દિવસે આપણે જો જરા પ્રયત્ન કરીએ તો એક ક્ષણમાત્રમાં અનેક જન્મોનું કાર્ય કરી શકીએ છીએ. આટલા માટે જ હું જન્મદિવસને આટલું બધું મહત્ત્વ આપું છું, કારણ કે આ દિવસમાં વ્યક્તિ જે કાંઈ મેળવે છે તે ખરેખર અજોડ છે અને હું પણ ચેતનાને જરા ઊર્ધ્વ તરફ વાળવાનો પ્રયત્ન કરું છું કે જેથી વ્યક્તિ પરમાત્માની સમક્ષ આવી શકે.'

'મારા બાળક, તે ખૂબ ખૂબ અગત્યનો દિવસ હોય છે, કારણ કે તે નિર્ણાયક દિવસ હોય છે. એ દિવસે વ્યક્તિ પરમાત્મા સાથે ઐક્ય પામી શકે છે, એ દિવસે ઈશ્વર આપણને ચેતનાના ઊર્ધ્વતમ પ્રદેશમાં લઈ જાય છે, કે જેથી કરીને આપણો આત્મા જે અનંત જ્યોતિનો જ એક ભાગ છે તે તેના મૂળ સ્વરૂપને ઓળખે અને તેની જોડે તાદાત્મ્ય પામી શકે.'

'આ દિવસ એ ખરેખર જીવનની એક તક છે. વ્યક્તિ આ દિવસે એટલી ખુલ્લી અને ગ્રહણશીલ હોય છે કે તેને જે કાંઈ આપવામાં આવે છે તે સર્વ કંઈ ગ્રહણ કરી લે છે. હું ઘણી વસ્તુઓ કરી શકું છું, એટલા માટે આ દિવસ મહત્ત્વનો છે.'

'બધા દિવસોમાં આ એક એવો દિવસ છે જ્યારે પરમાત્મા પોતે જ આપણા માટે એમના વિશાળ દરવાજા ખુલ્લા રાખે છે, જાણે કે ઈશ્વર આપણને આપણી અભીપ્સાની જ્યોતને વધારે શક્તિશાળી રીતે પ્રજ્વલિત કરવાને આમંત્રણ આપી રહ્યા છે. આ દિવસ તો પરમાત્માએ આપણને આપેલી ભેટ છે. આપણે પણ આપણા સ્વપ્રયત્ન દ્વારા તેને પ્રાપ્ત કરી શકીએ છીએ, પરંતુ તે ઘણો લાંબો, સખત અને મુશ્કેલ માર્ગ છે. જ્યારે આ, આ દિવસ તો જીવનની ખરી તક છે-આ તો કૃપાનો દિવસ હોય છે.'

'વર્ષના આ ખાસ દિવસે આપણી જાણ બહાર કોઈ એક ચોક્કસ ગૂઢ ઘટના બને છે. આ દિવસે આપણો આત્મા શરીરમાંથી નીકળીને ઊર્ધ્વ ગતિ કરે છે, અને પોતાના ઉદ્‌ગમ સ્થાને પહોંચે છે ને ત્યાંથી તે પોતાને સુસજ્જ કરી પરમાત્મામાંથી તેમની શક્તિ, પ્રકાશ અને આનંદને લઈને નીચે ઊતરી આવે છે. તેની આ સુસજ્જતા આખું વર્ષ ચાલે છે, અને ફરી આ જ ક્રમ...વર્ષ પ્રતિવર્ષ ચાલ્યા જ કરે છે.'

'પ્રોસ્પરીટી', મે-૨૦૧૪ માંથી સાભાર ❑

(શાર્દૂલવિક્રીડિત)

**આ, જે જન્મ, શરીરનો નવ ગણો, તે જન્મ તો પામવા**
**-દૈવીભાવ પ્રભુતણો જીવનમાં, તેની પ્રતિષ્ઠા થવા,**
**પામ્યા સ્થૂળ નહિ નિરર્થકપણે એ સૂક્ષ્મ ચેતાવવા,**
**એવું ભાન થયા કરો હૃદયમાં એવી હજો પ્રાર્થના.**

'ગુણવિમર્શ', ત્રીજી આ., પૃ. ૫૯ **શ્રીમોટા**



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ અને માર્ગદર્શક
સદ્ગત શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ



વિશ્વકોશ ટ્રસ્ટનું અદ્યતન મકાન, અમદાવાદ

**HARIBHAV SEPTMBER - 2014**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2014
valid upto 31-12-2014



- શરીર સંસારરૂપી વાટિકાની સેવાસામગ્રી છે.
- સેવામાં સામર્થ્ય મહત્ત્વનું નથી, ભાવ મહત્ત્વનો છે.
- દુ:ખીને જોઈ કરુણિત થાવ, સુખીને જોઈને પ્રસન્ન થાવ.
- શરીર અને જગત વચ્ચે પિંડગત એકતા છે, આથી શરીરથી જગતની સેવા કરો.

- પ્રજ્ઞાચક્ષુ શરણાનંદ

'સાધકોના શરણાનંદ', પ્ર. આ. , પૃ. ૨૬

---

Printed and Published by **Prabhudas Jani,** on behalf of **' HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**
Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com